તા. ૨૯/૧૦/૨૦૨૧ ના રોજ સવારે:૧૧: ૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ સભામાં હાજર રહેલા સભ્યશ્રીઓ

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | પટેલ કિન્નરીબેન અમિષભાઈ | પ્રમુખ |
| ૨. | પટેલ છાયાબેન ઉમેશભાઈ | કારોબારી ચેરમેન |
| ૩. | ટંડેલ નિમિષાબેન ગીરીશભાઈ | સભ્ય |
| ૪. | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૫. | પટેલ સતિષભાઇ બાલુભાઈ | સભ્ય |
| ૬. | પટેલ કિરણભાઇ ભીખુભાઈ | સભ્ય |
| ૭. | પટેલ ઉર્વશીબેન રાજેશભાઈ | સભ્ય |
| ૮. | પટેલ વિકાસ રાજેશભાઈ | સભ્ય |
| ૯. | રાણા હિતેશભાઈ સુરેશભાઈ | સભ્ય |
| ૧૦. | પટેલ દિવ્યા કલ્પેશભાઈ | સભ્ય |
| ૧૧. | વાડીવાલા મહેન્દ્રભાઈ ભગુભાઈ | સભ્ય |
| ૧૨. | દેસાઇ ગીરીશભાઈ ભગવાનજીભાઈ | સભ્ય |
| ૧૩. | ઠાકોર કમળાબેન અવધેશકુમાર | સભ્ય |
| ૧૪. | પટેલ વિજય સહદેવભાઈ | સભ્ય |
| ૧૫. | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૬ | ભાનુશાલી કલ્પના રાજેશભાઈ | સભ્ય |
| ૧૭. | પટેલ હિતેશકુમાર ઈશ્વરલાલ | સભ્ય |
| ૧૮. | પટેલ ભારતીબેન મનોજભાઈ | સભ્ય |
| ૧૯. | સોલંકી સોનલ તેજશભાઈ | સભ્ય |
| ૨૦. | ગઝધર વિમલ સુમંતરાય | સભ્ય |
| ૨૧. | પટેલ બાલકૃષણ જીવરાજભાઈ | સભ્ય |
| ૨૨. | શેખ નઝમા અમીર | સભ્ય |
| ૨૩. | પટેલ રમેશભાઈ મંગળદાસ | સભ્ય |
| ૨૪. | કાઝી ઇમ્તિયાઝુદીન મિયાંમોહમદ | સભ્ય |
| ૨૫. | દેસાઇ ઉર્મિબેન આશિષકુમાર | સભ્ય |
| ૨૬. | પટેલ જેસ્ટીકાબેન દર્શનભાઈ | સભ્ય |
| ૨૭. | પટેલ ધર્મેશભાઈ અરવિંદભાઇ | સભ્ય |
| ૨૮. | આહિર પંકજભાઈ ઠાકોરભાઈ | સભ્ય |
| ૨૯ . | આહીર રૂષિકાકુમારી પ્રિયંકકુમાર | સભ્ય |
| ૩૦. | પટેલ ભરતભાઈ છોટુભાઈ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૩૧. | વશી નિતેશભાઈ મહાદેવભાઈ | સભ્ય |
| ૩૨. | પટેલ સોનલબેન કિશોરભાઈ | સભ્ય |
| ૩૩. | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઈ | સભ્ય |
| ૩૪. | પટેલ પ્રવિણભાઈ સોમાભાઇ ( પપ્પુ) | સભ્ય |
| ૩૫. | પટેલ હેતલકુમારી જયેશભાઈ | સભ્ય |
| ૩૬. | પટેલ પ્રવિણાબેન સુનિલભાઈ | સભ્ય |
| ૩૭. | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૩૮. | મહાકાલ રવિન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમ થી કરવામાં આવી...

પ્રમુખશ્રીએ જણાવ્યું કે આજની આ સભામાં ઉપસ્થિત સૌ મારા સાથી સભ્યશ્રીઓ તેમજ ચીફ ઓફિસરશ્રી વસાવા સાહેબ , અધિકારીશ્રી , કર્મચારીશ્રીઓ ., પત્રકાર મિત્રો , ઈલેક્ટ્રોનિક મીડીયાના મિત્રો, નગરજનોને સૌને આવકારું છું.

વારિગૃહ શાખાના રોજિંદા ફિલ્ટર એટેન્ડન્ટ સંદીપભાઈ ગણપતભાઈ નાયકા નુ દુ:ખદ અવસાન થયેલ છે.તેમજ અન્ય નામી અનામી સૌ- સ્વર્ગસ્થ તમામની આ તબક્કે નોંધ લઈ તેઓશ્રીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ મળે તે માટે શ્રધ્ધાજલી આપી અને ઉપસ્થિત સૌએ ૨ મિનિટનું મૌન પાડયુ.

સભામાં સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઇએ જણાવાયું કે ,નગરપાલિકાના વાહનો નાની-મોટી નુકશાનીના કારણે વાહનો ચાલુ હાલતમાં નથી અને જેના રિપેરિંગ કામ માટે જરૂરી વ્યવસ્થા અભાવે કચરા અંગેની ફરિયાદો વધવા પામેલ છે. નાના રિપેરિંગ કામો ઓછા ખર્ચના હોય જે માટે જરૂરી વ્યવસ્થા કરી વાહનો કાર્યરત થાય એવી રજૂઆત કરી.

સભામાં સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઇ , રમેશભાઈ પટેલ , નિતેશભાઇ વશી , મહેબૂબ ગુલશેરખાન પઠાણ, ઉર્વશીબેન પટેલ, સોનલબેન પટેલ, તમામ દ્વારા વહીવટી તથા પોતાના વોર્ડ વિસ્તારના શહેરના હિતના પ્રશ્નોની વિગેરે બાબતોની રજૂઆત કરી જેની નોંધ લેવામાં આવી.

પ્રમુખશ્રી : એજન્ડાના કામો શરૂ કરવા જણાવ્યુ :

કામ નં- ૦૧

વિષય :- તા.૩૧-૦૭-૨૦૨૧ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજૂર કરવા બાબત..

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે .આ .ઉર્મિ આશિષકુમાર દેસાઇ

સભામાં સભ્યશ્રીઓ નિતેશભાઇ વશી , મહેબૂબ ગુલશેરખાન પઠાણ , ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ , ગીરીશભાઈ દેસાઇ તમામ દ્વારા વહીવટી તથા પોતાના વોર્ડ વિસ્તારના શહેરના હિતના પ્રશ્નો તેમજ સરકારી જગ્યાઓમાં આવેલ છાપરાં અમલો વેચાણ/વારસાઈ હક્કે નામ ટ્રાન્સફર કરવા તેમજ ગાળા છુટા પાડવા અંગે અગાઉ થયેલ ઠરાવ મુજબ અમલવારી કરવા વિગેરે બાબતોની રજૂઆત કરી જેની નોંધ લેવામાં આ વી. વધુમાં ગત સામાન્ય સભાના ઠરાવ નં. ૪૩ના કામ નં.૧૦માં સિપાઈવાડ વિસ્તારના પાઇપલાઇનના કામે વોર્ડ નં. ૧૦ દર્શાવેલ છે. તેની જગ્યાએ વોર્ડ નં.૦૨ ગણતરીમાં લેવાનું તથા ઠરાવ નં.૭૫માં કામ નં.૨૩ બરૂડીયાવાડ વલસાડ પારડી સપ્તશૃંગી માતાજીના મંદિરના કામે મંદિર પાસેના વરસાદી ગટરના સ્લેબ અંગે સુધારો ગણતરીમાં લેવાનો ઠરાવ્યું.

પ્રમુખશ્રીએ જણાવ્યું કે તા.૩૧/૦૭/૨૦૨૧ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને વંચાણે લેવાં આપવામાં આવેલ છે .

સભ્યશ્રી સોનલબેન પટેલ અને ઉર્વશીબેન પટેલે સદર કામમાં પોતાનો વાંધો નોંધાવ્યો.

ઠરાવ :-

તા.૩૧-૦૭-૨૦૨૧ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે જે વંચાયેલ ગણી ઉપરોક્ત રજૂ કરેલ સભ્યશ્રીઓની આવેલ રજૂઆતોની નોંધ લઈ આવેલ સુધારા સહિત મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજૂર.

કામ નં.:-૦૨

વિષય :- તા.૧૮-૧૦-૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકાનો સને ૨૦૨૦-૨૦૨૧નો તા.૦૧/૦૪/૨૦૨૦થી તા.:૩૧/૦૩/૨૦૨૧ સુધીનો બાર-માસીક હિસાબ મંજૂર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ઉર્મિ આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ .ઠ.નં.૧૬૦/તા.:૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાનો સને.૨૦૨૦-૨૦૨૧નો તા.૦૧/૦૪/૨૦૨૦થીતા.:૩૧/૦૩/૨૦૨૧ સુધીનો બાર-માસીક હિસાબ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર...

સભ્યશ્રી કમળાબેન ઠાકોર અને કલ્પનાબેન ભાનુશાલી, કાઝી ઇમ્તિયાઝુદીન મિયાંમોહમદ ગયા.

કામ નં.:-03

વિષય :- તા.૧૮-૧૦-૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, ઓવરબ્રીજથી સુધાનગર થઈ અંબાજીનગર થી સાઈપાર્ક સોસાયટીથી પોલીસ હેડ ક્વાટર્સથી વરસાદી પાણીનો નિકાલ થાય છે. જે માટે સાંઇ પાર્ક કો- ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસા.લી. દ્વારા વરસાદી પાણી ભરવાના કારણે કોમન પ્લોટમાં પાઇપલાઇન નાખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભરતભાઈ સી.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૧૬૧/તા.:૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ઓવરબ્રીજથી સુધાનગર થઈ અંબાજીનગરથી સાઈપાર્ક સોસાયટીમાં હયાતમાં સ્થળ તપાસ કરતાં ૪૦૦ mm ના RCC ના પાઇપ લાઇન આવેલ છે. જે પાઇપ લાઇનમાંથી આજુબાજુના વિસ્તારમાં ડેવલોપમેન્ટની કામગીરીમાં વધારો થતાં સદરહુ વિસ્તારમાંથી વરસાદી પાણીનો જરૂરીયાત મુજબ વરસાદી પાણીનો નિકાલ થઇ રહેલ નથી. જેના કારણે સાંઇપાર્ક સોસાયટીમાં પાણીનો ભરાવો થાય છે . સદરહુ વરસાદી પાણીના નિકાલ માટે સાંઇપાર્ક કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.ધ્વારા વરસાદી પાણી ભરાવાના કારણે કોમન પ્લોટમાં પાઇપલાઇન નાખવા માટે લેખિત રજુઆત કરેલ છે. સદરહુ કામ સરકારશ્રીની આવનારી ગ્રાંટમાંથી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર...

કામ નં.:-૦૪

વિષય :- તા.૧૮-૧૦-૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) (SAAP)ના વર્ષ હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલ ગોદીની જગ્યામાં નગરપાલિકા દ્વારા સરકારશ્રીની યોજના મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત સીટી બસની સુવિધામાં બસ ટર્મિનસના બાંધકામનું આયોજન કરેલ છે. જે અંતર્ગત અત્રેની કચેરીથી ડીવીઝનલ રેલ્વે મેનેજરને જગ્યાની ફાળવણી માટે દરખાસ્ત કરેલ છે. સદરહુ જગ્યામાંથી વરસાદી પાણીનું ખુલ્લુ નાળું (બસ ડેપોની પાછળની બાજુ) મોગરાવાડી રેલ્વે ગરનાળાને જોડતો ) પસાર થઈ રહેલ છે. જેના નિકાલ માટે સદરહુ યોજનાની બચત રકમમાંથી વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા રાખી માટી પુરાણ કરી, બસ ટર્મિનસનું બાંધકામ અંગે એસ્ટીમેઈટ બનાવી DPR બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભરતભાઈ સી.પટેલ

ઠરાવ :-

કા.સ .ઠ.નં.૧૬૨/તા.:૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ ,ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) (SAAP)ના વર્ષ હેઠળ રૂ |. ૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ. સદરહુ ગ્રાન્ટ અન્વયે વલસાડ નગરપાલિકા હદમાં (૧) ઝરણા પાર્કથી ભંડાર વાસ તરફ જતો રોડ (આર.સી.સી. પાઇપ સીંગલ સાઈડ ) (૨) ગીરીરજ હોટલથી GIDC ક્રોસ રોડ (આર.સી.સી. પાઇપ સીંગલ સાઈડ ) તેમજ (૩) મોગરાવાડી કોટેશ્વર મંદિર પાછળ ( આર.સી.સી. પાઇપ સીંગલ સાઈડ ) વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહીતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ-૧૮ ટેન્ડરો આવેલ છે. સદરહુ આવેલ ટેન્ડર ડૉક્યુમેન્ટ તા.:૧૦-૧૦-૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવતા આવેલ કુલ-૧૮ ટેન્ડરો , ૪-ટેન્ડરર ડીસ્કોલીફાઇડ થયેલ છે. અને કુલ-૧૪ ઓનલાઈન ટેન્ડર તા.:૦૧-૧૧-૨૦૧૮ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી પરેશ એસ. પટેલ , મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેઈટ કોસ્ટ રૂ|. ૪,૫૭,૦૧,૧૪૪,૧૨/- કરતાં ૩૨.૩૩% નીચા ભાવ આવેલ છે, જેથી નીચા આવેલ ભાવ મુજબ રૂ |. ૩,૦૯,૨૫,૯૬૪.૨૩/- પુરાનું ટેન્ડર આવેલ છે. અને સદરહુ મંજુર કરેલ ભાવોથી એજન્સી ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે. અને સદરહુ મંજૂર કરેલ ભાવોથી નગરપાલિકા ધ્વારા જાવક નં.૨૭૬૦/તા.:૨૫/૦૨/૨૦૧૯થી વર્ક ઓર્ડર આપેલ છે. જે અંતગર્ત એજન્સી ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોક્ત યોજના અન્વયે મળેલ કુલ ગ્રાન્ટ અન્વયે કુલ કામો ૦૩- નું રૂ |. ૩,૦૧,૧૨,૨૭૧.૩૭ પુરાનું ચુકવણું કરી સદરહું પ્રોજેકટ પૂર્ણ કરેલ છે.

વધુમાં , વલસાડ નગરપાલિકા હદમાં રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલ ગોદીની જગ્યામાં નગરપાલિકા ધ્વારા સરકારશ્રીની યોજના મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતગર્ત સીટી બસની સુવિધામાં બસ ટર્મિનસના બાંધકામનું આયોજન કરેલ છે. જે અંતગર્ત અત્રેની કચેરીએથી ડીવીઝનલ રેલ્વે મેનેજરને જગ્યાની ફાળવણી માટે દરખાસ્ત કરેલ છે. સદરહુ જગ્યામાંથી વરસાદી પાણીનું ખુલ્લું નાળું ( બસ ડેપોની પાછળની બાજુ ) ( મોગરાવાડી રેલ્વે ગરનાળાને જોડતો ) પસાર થઈ રહેલ છે. જેના નિકાલ માટે સદરહુ યોજનાની બચત રકમમાંથી વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા નાંખવામાં આવે તો સદરહુ મુશ્કેલીનો નિકાલ થઈ શકે એમ છે. તો સદરહુ બચત થયેલ રકમમાંથી સદરહુ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા નાખી માટી પુરાણ કરી, બસ ટર્મિનસનું બાંધકામ થઈ શકે તેમ છે. સદરહુ કામને સદરહુ યોજનાના નિંમણુક પામેલ કન્સ્લટન્ટશ્રી ધવલ એન્જીનિયર્સ , ગાંધીનગર ધ્વારા સ્થળ તપાસ કરી જરૂરી એસ્ટીમેન્ટ બનાવી DPR બનાવવા માટે પત્ર વ્યવહાર કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર...

કામ નં.:-૦૫

વિષય :- તા.૧૮-૧૦-૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , ગુ.મ્યુનિ.ફાય.બોર્ડ-ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.મફબ / યુ-૨ / ૧૫મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો (અનટાઈડ) / ૨૦૨૧-૨૨/૧૧૬૧૮ તા. ૧૭-૦૮-૨૦૨૧ થી ૧૫માં નાણાપંચ ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી કામો નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે.આ.ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૧૬૯/તા.:૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડને ગુ.મ્યુનિ. ફાય.બોર્ડ-ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.મફબ/યુ-૨/૧૫મુ નાણાંપંચ/ પ્રથમ હપ્તો (અનટાઈડ) /૨૦૨૧-૨૨/૧૧૬૧૮ તા.૧૭-૦૮-૨૦૨૧ થી ૧૫માં નાણાપંચ ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. વધુમાં ૧૫માં નાણાંપાંચના કામો માટે તાંત્રિક મંજુરી સબંધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભ-૨ હેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઇન / શરતો મુજબ વિકાસલક્ષી કામો કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | વોર્ડ નં. | કામનું નામ | કામનો પ્રકાર | એસ્ટીમેઈટની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | મચ્છી માર્કેટની આજુ-બાજુનો વિસ્તાર | પેવર બ્લોક | ૮,૨૦,૦૦૦ |
| ૨ | ૨ | સરકારી દવાખાનાની પાછળથી વેલકમ એપાર્ટમેન્ટ રતુંકાકાના ઘર સુધી પસાર થતો મુખ્ય કાસ ઉપરનો સ્લેબ નવો બનાવવા બાબત. | સ્લેબનું કામ | ૬,૯૯,૪૦૦ |
| 3 | ૨ | કનૈયાભાઈ અને ધનસુખભાઈ બરૂડીયાવા, વલસાડ-પારડી સપ્તશૃર્ગી મંદિરની બાજુનો વિસ્તાર. | ડામર રોડ | ૮,૫૨,૪૦૦ |
| ૪ | ૫ | અમૃતશેરી રવિ ડીજેના ઘરવાળો રસ્તો. | ડામર રોડ | ૧૦,૦૦,૦૦૦ |
| ૫ | ૫ | અમૃતશેરી કુકણાવાડ | ટ્રીમીક્ષ રોડ | ૧,૫૦,૦૦૦ |
| ૬ | ૫ | વૈભવ એપાર્ટમેન્ટ, વીર એન્ટરપ્રાઇઝની બાજુમાં, છીપવાડ | પેવર બ્લોક | ૨,૭૭,૨૦૦ |
| ૭ | ૫ | અમૃત શેરી, કિરણભાઈના ઘરથી નાળિયેરવાલાના ઘર સુધી | ટ્રીમીક્ષ રોડ | ૧,૩૧,૪૦૦ |
| ૮ | ૬ | ગીતા સદનની બાજુમાં | પેવર બ્લોક | ૪,૬૪,૬૦૦ |
| ૯ | ૬ | રામવાડી વિસ્તાર ગણેશભાઈના ઘરથી વિનયભાઈના ઘર સુધી. | પેવર બ્લોક | ૧,૫૨,૩૦૦ |
| ૧૦ | ૧૦ | દયાળજીની વાડી વિસ્તાર. | ટ્રીમીક્ષ રોડ | ૧૮,૩૦,૦૦૦ |

સ.મ.મંજુર...

કામ નં.:-૦૬

વિષય :- તા.૧૮-૧૦-૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , ના.સરકારશ્રીના ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા પર્ફોર્મન્સ પ્રમાણે રીફોમર્સની રકમ અમૃતના ખાતામાં ઉમેરવાની થાય છે. જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે.આ.ભરતભાઈ સી.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૧૭૦/તા.:૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની અમૃત યોજનાની ગાઈડલાઇન મુજબ સરકાર ધ્વારા ફાળવવામાં આવેલ **SAAP**ની રકમમાંથી **50%** કેન્દ્ર સરકાર , **40%** રાજ્ય સરકાર તથા **10%** અર્બન લોકલ બોડી ફાળવવાના થાય છે તથા અબોવ ગયેલ ટેન્ડરની વધારાની રકમ અને પ્રોજેકટમાં એક્સ્ટ્રા / એક્સેસ થયેલ રકમ પણ અર્બન લોકલ બોડીએ ચુકવવાના થાય છે. વધુમાં , ગુજરાત શહેરી વિકાસ મિશન ધ્વારા નગરપાલિકાના પર્ફોર્મન્સ પ્રમાણે રીફોર્મસની રકમ ફાળવવામાં આવેલ છે. ઉપરોક્ત હકીકતને ધ્યાને લેતા તેમજ ગુજરાત શહેરી વિકાસ મિશનના એડિશનલ ચીફ એકિઝક્યુટીવ ઓફિસરના અધ્યક્ષસ્થાને તા.:૦૪/૦૬/૨૦૨૧ના રોજ મળેલ **V.C.** માં આપેલ સૂચના મુજબ નગરપાલિકા **10%** ફાળાની રકમ , અબોવ ગયેલ ટેન્ડરની વધારાની રકમ અને પ્રોજેકટમાં એક્સ્ટ્રા/એક્સેસ થયેલ રકમ જેના કુલ રૂ|.૮,૪૦,૩૪,૯૨૬.૯૮(જેની ડિટેઇલ શીટ આ સાથે સામેલ છે.) અમૃતના બેન્ક ખાતામાં ઉમેરવાના થાય છે. જે નગરપાલિકાના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટ મારફતે કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર...

કામ નં.:-૦૭

વિષય :- તા.૧૮/૧૦/૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમાં આવેલ મોરારજી દેસાઇ વેજીટેબલ માર્કેટ નામે ઓળખાતી ઇમારત (૧૨૦ આવાસ) ખૂબ જ જર્જરિત હાલતમાં હોય, અને વરસાદી સિઝનમાં કોઈ જાનહાનિ ન થાય તેવા શુભ આશ્રયથી સદરહુ ૧૨૦ આવાસનો ખૂબ જ જર્જરિત ભાગ ઉતારી દેવાની કામગીરી એજન્સીશ્રી વિશ્વાસ વુડન ઈન્ડસ્ટ્રી , લીલાપોર , વલસાડ પાસે કરાવેલ. જેનું આવેલ બીલ રૂ|.૫૫,૩૬૬/- મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. હિતેશકુમાર આઈ.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં. ૧૭૨/તા.: ૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદમાં આવેલ મોરારજી દેસાઇ વેજીટેબલ માર્કેટ નામે ઓળખાતી ઇમારત (૧૨૦ આવાસ) ખૂબ જ જર્જરિત હાલતમાં હોય, અને વરસાદી સિઝનમાં કોઈ જાનહાનિ ન થાય તેવા શુભ આશાથી સદરહુ ૧૨૦ આવાસનો ખૂબ જ જર્જરિત ભાગ ઉતારી દેવાની જરુરીયાત હોય , સદરહુ કામે , એજન્સીશ્રી વિશ્વાસ વુડન ઈન્ડસ્ટ્રી , લીલાપોર , વલસાડને જરૂરી અત્રેની કચેરી જા.નં.-૨૦૨૬/તા.૨૨/૧૨/૨૦૨૦ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ , અને કામગીરી કરાવેલ. જે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂ |.૫૫,૩૬૬/- અંકે રૂ |.પંચાવન હજાર , ત્રણસો છયાંસઠ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં , ન.પા. હદ વિસ્તારમાં આવેલ કોઈ પણ જર્જરિત મિલકત હોય , તેવી મિલકતોના મિલકત ધારકોને નોટીશ આપવાની કાર્યવાહી કરવી અને તેઓ જો ન ઉતારે તો નગરપાલિકાએ એજન્સી પાસે સર્વે કરવી , એસ્ટીમેઈટ કરાવી , એજન્સી મારફતે જર્જરિત મિલકતો ઉતારી તેનો ખર્ચ મિલકતના માલિકો પાસે વસુલાત કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર....

કામ નં.:-૦૮

વિષય :- તા.૧૮-૧૦-૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , કોવિડ-19 અન્વયે હોસ્પિટલ ખાતે મૃત્યુ પામેલા દર્દીના મૃતદેહને તેમના ઘર / સ્મશાન ભૂમિ સુધી પહોચાડવા શબવાહિની (ડ્રાયવરની સેવા સાથે) પૂરી પાડવા બાબતનું ભાવો મંજૂર કરી બીલ મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. પ્રવિણભાઈ પટેલ

ઠરાવ :

કા.સ .ઠ.નં.૧૭૭/તા.:૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , મે.ચીફમેડિકલ ઓફિસરશ્રી તથા ચીફોફિસરશ્રીના રિપોર્ટમાં જણાવવાનું કે , વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ને સરકારશ્રી દ્વારા (ડી. સી.એચ.સી.) ડેડીકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જિલ્લા પંચાયત , વલસાડના પત્ર ક્રમાંક નં.ઇ.પી.સી./આઈ.ડી.એસ.પી./કોરોના વાયરસ/૬૫૮૫-૯૬/૨૦૨૦ તા.૨૪/૦૪/૨૦૨૦ થી જાહેર કરતાં વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલ ને કોવીડ-૧૯ હેલ્થ સેન્ટર તરીકે કાર્યરત કરતાં અત્રેની હોસ્પીટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ દર્દીઓના મૃતદેહને જરૂર જણાયે સન્માન પૂર્વક હોસ્પીટલ માંથી ઘર/સ્મશાનભૂમિ સુધી સુધી પહોચાડવા શબવાહિની પુરી પાડવાની જરૂરિયાતોને ધ્યાને લેતા ઉપરોક્ત જી.એમ.ઇ.આર.એસ.મેડીકલ કોલેજ હોસ્પીટલ ના પત્ર ક્રમાંક: મેકોહોવ/શબવાહિની/ટેન્ડર/ભાવ મંજૂર/૪૦૬૮-૭૪/૨૦૦૦ તા.૦૧/૦૫/૨૦૦૦ થી સાંઇ ટ્રાવેલ્સ , ખેરગામ રોડ , ધમડાચી , તા.જી વલસાડના ઑ કોલ માંગણી મુજબ (પ્રતિ ટ્રીપ ) પ્રમાણે વાર્ષિક ભાવો મંજૂર કરવામાં આવેલ છે. સદરહુ મંજૂર થયેલા ભાવો થી પ્રતિ ટ્રીપ ના રૂ ।.૭,૦૦૦/- (પી.પી.ઇ. કીટ સાથે ) તેમજ રૂ ।. ૫,૦૦૦/- (પી.પી.ઇ. કીટ વગર )થી નક્કી કરવામાં આવેલ છે સદરહુ ભાવો પ્રમાણે નક્કી કરવામાં આવેલ છે. કોવીડ-૧૯ અન્વયે સદરહુ કામગીરી અત્રેની હોસ્પિટલના મૃત્યુ પામેલ દર્દીઓના મૃતદેહના નિકાલ અંગેની તમામ જવાબદારી મામલતદારશ્રી વલસાડને સોપવામાં આવેલ હતી જેને ધ્યાને લઈ ઉપરોક્ત એજન્સી મારફતે વલસાડ નગરપાલિકા હોસ્પીટલમાં મૃત્યુ પામેલ દર્દીઓના મૃતદેહને સન્માન પૂર્વક અંતીમસંસ્કારની કામગીરી ઉપરોક્ત એજન્સી ધ્વારા ઓનકોલ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉપરોક્ત એજન્સીના આવનાર બિલને બહાલ રાખવાનું ઠરાવવા અને કારોબારી સમિતિની મંજૂરતની અપેક્ષાએ બીલનું ચુકવણું કરવાનું હોસ્પીટલ કમીટી ભલામણ કરવાનું ઠરાવેલ જેને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર....

કામ નં.:-૦૯

વિષય :- તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે નવો બનાવેલ ૧૧ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવા માટે ૬.૫ એમ.એલ.ડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૧૮" ડાયાની રો-વોટર પાઇપ લાઇન સાથે જોડાવા માટે એ.એ .એન્જીનિયર્સ – અમદાવાદ સદર કામો એસ્ટીમેઈટ રૂ|.૧,૭૦,૦૦૦/- મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ.ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં. ૧૮૭/તા.:૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે અબ્રામા, મોગરાવાડી વિસ્તારમાં પાણી પહોંચાડવાના કામે નવો બનાવેલ ૧૧ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવાના કામે ૬.૫ એમ.એલ.ડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે નાંખવામાં આવેલ ૧૮" ડાયાની રો-વોટર મેઇન પાઇપ લાઇનમાં જોઇન્ટ કરવાના કામે એ.એ . એન્જીનિયર્સ, અમદાવાદ પાસે એસ્ટીમેઈટ મંગાવવામાં આવેલ છે. જે અંગે નીચે જણાવેલ સદર કામગીરી અંગેના એસ્ટીમેઈટ આવેલ છે.

| અ.નં. | કામની વિગત | નગરપાલિકા આવક નં. | તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૬૫ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે નાંખવામાં આવેલ ૧૮" ડાયાની મેઇન રો-વોટર પાણી પાઇપ લાઇન કટીંગ કરી ૬ ફુટનો ૧૮" ડાયાનો એમએસ પાઇપ કટીંગ કરી બંને બાજુ ૧૮" ડાયાની ફ્લાય બિલ્ડીંગ કરી ૧૮" ડાયાનો કોલર બેસાડી ૧૮" ડાયાની ટી લગાડી ૧૮" ડાયાનો વાલ્વ બંને સાઇટ બેસાડીની કામગીરી કરી ૧૮" ડાયાની એમ.એસ.ટી. બેસાડી ફીટીંગ કરી ચાલુ કરવાની કામગીરી. | ૬૧૬ | ૨૮/૦૪/૨૦૨૧ | ૧૨૫૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | નવો એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં રો-વોટર પહોંચાડવાના કામે માટે નાંખવામાં આવેલ ૧૮" ડાયાની મેઇન રો-વોટર પાણી પાઇપ લાઇન કટીંગ કરી રાઇટ એંગલ બનાવી ૧૮" ડાયાનો એમએસ પાઇપ કટીંગ કરી ૧૮" ડાયાનો ડી.આઈ. ફલાય વેલ્ડીંગ કરી ફીટીંગ કરી ચાલુ કરવાની કામગીરી. | ૬૧૫ | ૨૮/૦૪/૨૦૨૧ | ૪૫૦૦૦ |
| | | | કુલ | ૧૭૦૦૦૦ |

ઉપરોક્ત મુજબ નવો ૧૧ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવાના કામે એ.એ. એન્જીનિયર્સનું બંને કામના રૂ|.૧,૭૦,૦૦૦/- આવેલ છે. જે મંજૂર કરી , આગામી જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર....

કામ નં.:-૧૦

વિષય :- તા.૧૮/૧૦/૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે ૭૫ એચ.પી.તેમજ ૧૦૦ એચ.પી. પેનલ બોર્ડના ઇલેક્ટ્રીક સ્પેર પાર્ટસ રાજશ્રી એન્જીનિયર્સમાંથી ખરીદ કરવામાં આવેલ જે થયેલ કામગીરીને બહાલ રાખી જેનો ખર્ચ રૂ|.૨,૫૬,૭૪૯/- મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે.આ.ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૯૧/તા.:૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ ત્રણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો-વોટર પ્યોર વોટર પ્લાન્ટ પંપ હાઉસમાં તેમજ વારિગૃહ કલ્યાણબાગ ટાંકી, અબ્રામા વાલ્યા ફળિયા પંપ હાઉસ ખાતે ૭૫ એચ.પી. તેમજ ૧૦૦ એચ.પી. મોટર તેમજ તેના મોટરના બોર્ડ પેનલ બોર્ડના (સ્ટાટર)માં મૂકવામાં આવેલ છે. જરૂરી ઇલેક્ટ્રીક સ્પેર પાર્ટસ વખતો વખત વીજ ડિફોલ્ટને કારણે બગડી જતાં હોય છે. વધુમાં સદર ઉપરોક્ત જણાવેલ તમામ પ્લાન્ટોમાં રાજશ્રી એન્જીનિયર્સ – અમદાવાદ તરફથી મોટર પંપો તેમજ તેમના સ્ટાટરો ગોઠવવામાં આવે છે તેમના જરૂરી ઇલેક્ટ્રીક સ્પેરપાર્ટ સ્થાનિક બજારોમાં ન મળતા હોય ટેન્ડર પ્રક્રિયા કરેલી નથી. જરૂરી સ્પેરપાર્ટ રૂ |.૨,૫૬,૭૪૯/- અંકે રૂ|.બે લાખ, છપ્પન હજાર, સાતસો ઓગણપચાસ પુરાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર....

કામ નં.:-૧૧

વિષય :- તા.૧૮/૧૦/૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ પારડી વિસ્તારમાં નવી બનાવેલ ટાંકીમાંથી યાદવ નગર વિસ્તારની જૂની લાઇનને નવી લાઇન સાથે જોડાવાની કામગીરી મે.રાજપરા બ્રધર્સ પાસે કરાવેલ. જે થયેલ કામગીરીને બહાલ રાખી જેનો ખર્ચ રૂ|.૮૭,૧૨૦/- મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૯૨/તા.:૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં હાલે પીવાના પાણીની જૂની ડિસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન આવેલ છે.તેમાંથી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. સદર વિસ્તારમાં નવી ઓવર હેડ ટાંકી બનાવવામાં આવેલ છે. જેની પાઇપ લાઇનનું કનેક્શન બુસ્ટર પંપ આગળથી કરવામાં આવેલ છે. પરંતુ સદર લાઇનમાંથી ત્યાંના રહીશોને પાણીનો પ્રવાહ બિલકુલ ધીમો મળતો હોવાથી પાણી ઓછું મળવાની ફરિયાદો થયેલ છે. અને સદર વોર્ડના સભ્યશ્રીની પણ રજૂઆતો થતી રહેલી છે. જેથી જૂની હયાત લાઇનને ટાંકીની ડીસ્ટીબ્યુશન લાઇન નજીક જોઇન્ટ કનેક્શન કરવાની કામગીરી જાણકાર કોન્ટ્રાક્ટરશ્રી રાજપરા બ્રધર્સ – વાપી પાસે કરાવવા માટે વ.જા.નં.-૩૧/ તા.૦૧/૧૦/૨૦૨૦ થી ત્રણ જગ્યાની કામગીરી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. તે પૈકી એક કામ વલસાડ પારડી યાદવ નગરની લાઇનને જોડાવાની કામગીરી કોન્ટ્રાક્ટરશ્રી તરફથી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર કામગીરી અંગે કોન્ટ્રાક્ટરશ્રી તરફથી નગરપાલિકા આવક નં.૧૦૪૫/તા.૦૭/૦૬/૨૦૨૧ થી જરૂરી કલેમ સહિતનું બીલ રૂ |.૮૭,૧૨૦/- અંકે રૂ|.સત્યાંશી હજાર, એકસો વીસ પુરાણું આવેલ છે. સદર થયેલ કામગીરીને બહાલી આપી બીલનું ચુકવણું કરવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર....

કામ નં.:-૧૨

વિષય :- તા.૧૮/૧૦/૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , મોગરાવાડી સ્ટેશનની બાજુમાં પીવાના પાણીની લાઇન ગટરમાંથી પસાર થતી હતી. જે ઊંચી કરવામાં આવેલ સદર કામગીરી મે.રાજપરા બ્રધર્સ પાસે કરાવેલ. જે થયેલ કામગીરીને બહાલી રાખી જેનો ખર્ચ રૂ|.૭૧,૦૦૦/- મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં. ૧૯૩/તા.:૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ, આ કામ કમીટીમાં રજૂ થતાં ઠરાવ્યું કે , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મોગરાવાડી સ્ટેશનની બાજુમાં પીવાના પાણીની ૨૫૦ એમ.એમ. ડાયાની ડી.આઈ. પાઇપ લાઇન ત્યાં આગળ આવેલ ગટરમાંથી પસાર થતી હતી. જેના કારણે ગટરના પાણીના નિકાલ માટે પણ અવરોધરૂપ હતી. લાંબે ગાળે કાટ લાગવાથી લીકેજ થવાની સંભાવના હોવાને કારણે સદર પાઇપ લાઇનને ગટરના લેવલથી ૨.૫ ફૂટ જેટલી ઊંચી કરવાની જરૂરી જણાયેલ તેમજ સદર કામગીરી કરવા માટે સદર વોર્ડના નગરપાલિકાના સભ્યશ્રીની રજૂઆત થતાં સદર કામગીરીના જાણકાર કોન્ટ્રા કટરશ્રી રાજપરા બ્રધર્સ – વાપી પાસે સદર કામગીરી કરવવામાં આવેલ છે. જે અંગે નગરપાલિકા આવક નં.૧૬૨૫/તા.૦૫/૦૭/૨૦૨૧ થી માલ-સામાન સહિતનું બીલ રૂ |.૭૧,૦૦૦/- અંકે રૂ|.એકોતર હજાર પુરાનું આવેલ છે. સદર થયેલ કામગીરીને બહાલી આપી બીલનું ચુકવણું કરવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજૂર....

કા.નં.૧૩

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ થી મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વારિગૃહ હેડ વર્કસ , કલ્યાણબાગ અંદર ગ્રાઉન્ડ સંપ તેમજ અબ્રામા વાલિયા ફળિયા ખાતે આવેલ પંપ હાઉસની મોટરો માટેના ઈલેકટ્રીક પેનલ બોર્ડના સ્પેરપાર્ટ્સ ખરીદ કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ.ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૯૫/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ, વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ ત્રણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો-વોટર પ્લાન્ટના પંપ હાઉસમાં , પ્યોર વોટર પ્લાન્ટ પંપ હાઉસમાં તેમજ વારિગૃહ કલ્યાણ બાગ ટાંકી , અંદર ગ્રાઉન્ડ સંપના પંપ હાઉસમાં તેમજ અબ્રામા વાલિયા ફળિયા અંદર ગ્રાઉન્ડ સંપના પંપ હાઉસ ખાતે ૭૫ એચ.પી. મોટર ૧૦૦ એચ.પી. મોટર ગોઠવવામાં આવેલ છે. સદર મોટર બોર્ડ પેનલ બોર્ડના (સ્ટાટર) માં મૂકવામાં આવેલ જુદા જુદા ઇલેક્ટ્રીક સપેરપાર્ટ વખતો વખત વીજ ડીફોલ્ટને કારણે બગડી (બળી) જતાં હોય છે. વધુમાં સદર મોટરોના પેનલ ઇલેક્ટ્રીક માલ-સામાન સ્થાનિક બજારમાં મળતા ન હોય, આથી ઉપરોકત જણાવેલ તમામ પ્લાન્ટોમાં તમામ મોટર પંપો રાજશ્રી એન્જી. અમદાવાદ તરફથી ગોઠવવામાં આવેલ હોય અને તેના જરૂરી સ્પેરપાર્ટસ તેમની પાસેજ મળતા જરૂરી ઇલેક્ટ્રીક સ્પેરપાર્ટ ખરીદી માટે સ્પ્લાયાર પાસે તપાસ કરતાં અંદાજીત ખર્ચ રૂા.૪ ,૦૦,૦૦૦/- અંકે રૂા. ચાર લાખ જણાવેલ છે.જે મંજૂર કરી ઇજનેરશ્રી વારિગૃહ શાખાના રિપોર્ટમાં જણાવ્યા મુજબના સ્પેરપાર્ટસની ખરીદી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર...

કા.નં.૧૪

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે જૂનો ૧૧ એમએલડી વિગેરે ત્રણેય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કલોરીનેશન માટે બ્લીચિંગ નાખવા નીચે ઉતારવા નાખવા નીચે ઉતરવા ચઢવા માટે સીડી બનાવવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે.આ. ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ

કા.સ.ઠ.નં.૯૬/ તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે જૂનો ૧૧એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ફિલ્ટર પ્લાન્ટના ૩ ફિલ્ટર બેડના નીચેના ભાગમાં ત્રણેય ફિલ્ટર બેડના ફિલ્ટર ચાલુ બંધ કરવાનો વાલ્વ , વોશ આઉટ વાવ , ઓવર હેડ ટાંકીના વાલ્વ આવેલ છે. સદર વાલ્વો દરરોજ ઓપરેટ થતાં હોવાથી વખતો વખત એના સ્પેરપાર્ટસ તેમજ વાલ્વ ખરાબ થઈ જતાં હોવાથી તેને રીપેરીંગ કામ કરવામાં આવે છે. તેમજ પાણીના કલોરીનેશન માટે સમય સમયે બ્લીચિંગ પાવડર નીચેના ભાગમાં નાખવામાં આવતો હોય છે. આ અંગે ત્રણેય ફિલ્ટર બેડના નીચે જવા માટે લોખંડની સીડી કાટ લાગવાથી ખરાબ થઈ ગયેલ હોવાથી હાલે ફાયર શાખામાંથી સીડી લાવી કામ કરવામાં આવેલ છે. જેથી સદર સીડી ૪ મીટર લાંબી તેમજ ૨.૫ ફૂટ પહોળાઈ બનાવવાની જરૂર હોય હાલે એ.એ. એન્જીનીયર્સ , વલસાડ દ્વારા ૧૫ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવા માટેની રો-વોટર પાઇપ લાઇન નાખવાની લંગીરી ચાલે છે. સદર કોન્ટ્રાકટરને સદર જરૂરી સીડી બનાવવા માટે સ્થળ પર બોલાવી કામગીરી કરાવવા જણાવેલ હોય જે અંગે એમણે મટીરિયલ્સ તેમજ લેબર સાથે રૂા.૪૦,૦૦૦/- અંકે રૂા.ચાલીસ હજારનું એસ્ટીમેઇટ જણાવેલ છે. સદરહુ એસ્ટીમેઇટ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર...**

કા.નં.૧૫

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ થી મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે અબ્રામા મોગરાવાડી વિસ્તારને પાણી પહોચાડવા માટેના નવો ૧૧ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણી શુધ્ધીકરણ માટે ફટકડી બ્લીચિંગ નાખવા નીચે ચઢ ઉતારવા સીડી બનાવવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૧૯૯/ તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , વારિગૃહ હેડ વર્કસ ખાતે હાલે અબ્રામા , મોગરાવાડી વિસ્તારને માટે પાણી પહોચાડવા માટે નવો ૧૧ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. સદર પ્લાન્ટમાં રો-વોટરને શુધ્ધીકરણ માટે કલોરીનેશન કરવા માટે લુઝ ફટકડી , બ્લીચિંગનો ઉપયોગ કરવામાં આવે છે. જે માટે ગોડાઉનથી રો-વોટર સુધી નાખવા માટે જરૂરી સીડી બનાવી તે માટે જગ્યાની ગોઠવણીની કામગીરી કરવામાં આવેલ નથી. જેથી સદર કામગીતિ કરવાની ખાસ જરૂરિયાત હોય, એ.એ. એન્જીનીયર્સ,વલસાડ દ્વારા ૧૫ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવા માટેની રો-વોટર પાઇપ લાઇન નાખવાની કામગીરી ચાલે છે. સદર કોન્ટ્રાકટરને સદર જરૂરી સીડી બનાવવા માટે સ્થળ પર બોલાવી કામગીરી કરાવવા જણાવેલ હોય જે અંગ એમણે મટિરિયલ્સ તેમજ લેબર સાથે રૂા.૬૦,૦૦૦/- અંકે રૂા.સાંઠ હજારનું એસ્ટીમેઇટ જણાવેલ છે. જે હકીકતો ધ્યાને લઈ જણાવેલ એસ્ટીમેઇટ મંજૂર કરી, સદર કામગીરી તેમની પાસે કરાવવાનું મંજુર ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

કા.નં.૧૬

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ થી મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા વિસ્તારોમાં ૧૫માં નાણાંપંચ યોજના હેઠળ પીવાના પાણીની લાઇન D.I.K.-7,૧૦૦ એમ.એમ. ડાયાની પાઇપ લાઇન નાખવાના આવેલ જુદા જુદા એસ્ટીમેઇટો મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ઉર્મિબેન એ.દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૨૦૫/ તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા વિસ્તારોમાં નવી D.I.K.-7,૧૦૦ એમ.એમ. ડાયાની પાઇપ લાઇન નાખવા અંગેનો માલ-સામાન તેમજ પાઇપ લાઇન નાખવા સહિતનો અંદાજીત ખર્ચ GWSSB SOR 19-20 મુજબ નીચે જણાવ્યા મુજબ થાય છે. સદર કામગીરી નંદર સરકારશ્રીની ૧૫માં નાણાંપંચ યોજનાની ગ્રાંટમાં સમાવેશ કરી, સદર કામગીરી કરવા અંગેના નીચે પ્રમાણેના વોર્ડવિસ્તારમાં DIK-7, ૧૦૦ એમ.એમ.ડાયાની પાઇપલાઇન નાખવાના કામોના એસ્ટીમેઇટો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | એસ્ટી. રૂા. |
|---|---|---|
| ૧ | વોર્ડ નં.૨ , છીપવા ડ, મેઇન રોડ સરકારી સંઘથી જોગીયાની નાળ જોઇટ છીપવાડ જોઇટ રોડ અને રમેશભાઈ વકીલની ગલીમાં નવી માં પાઇપ લાઇન નાખવા અંગેના માલ-સામાન સહિતનું કામ. | ૫,૪૮,૭૦૦/- |
| ૨ | વોર્ડ નં.-૪ , મેઇન રોડ થી લક્ષ્મી નગર મેઇન રોડ સુધી અને ઇન્ટરનલ રોડ જોઇટ સુધી નવી પાઇપ લાઇન નાખવા અંગેના માલ-સામાન સહિતનું કામ. | ૮,૮૩,૬૦૦/- |
| ૩ | વોર્ડ નં.૨, મેઇન રોડ થી કાઝીવાદ ગલી થી સરકારી હોસ્પિટલ જોઇટ રોડ સુધી નવી પાઇપ લાઇન નાખવા અંગેના માલ-સામાન સહિતનું કામ. | ૬,૧૩,૪૦૦/- |
| ૪ | વોર્ડ નં.૧૦ , લોકોશેડની સામે ઝરણા પાર્ક સાંઇ મંદિર થી કોલસી ફળિયા સુધી નવી પાઇપ લાઇન નાખવા અંગેના માલ-સામાન સહિતનું કામ. | ૬,૬૧,૭૦૦/- |
| ૫ | વોર્ડ નં.૬ , જગન્નાથ મંદિર મેઇન રોડ થી બલસારા ટ્રાવેલ્સની સામે સુધી નવી પાઇપ લાઇન નાખવા અંગેના માલ-સામાન સહિતનું કામ. | ૪,૬૦,૭૦૦/- |
| ૬ | દેસાઇવાડથી લલ્લુભાઈ કણબીના ઘર સુધી નવી પાઇપ લાઇન નાખવા અંગેના માલ-સામાન સહિતનું કામ. | ૪,૬૦,૭૦૦/- |

**સ.મ.મંજુર...**

કા.નં.૧૭

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ થી મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ ખાતે ઑક્સીજન પ્લાન્ટનો લોકાર્પણ કાર્યક્રમ અંગેનું આવેલ બીલ રૂા.૯૩,૬૩૫/- મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. પ્રવિણભાઈ એસ.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૨૦૬/તા.૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , તા.૦૭-૦૮-૨૦૨૧ના રોજ વલસાડ નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ ખાતે ઑક્સીજન પ્લાન્ટનો લોકાર્પણ કાર્યક્રમમાં ખુરશી, મંડપ , સાઉન્ડ સિસ્ટમ વિગેરે જરૂરી ચીજ વસ્તુઓ તથા માનનીય મુખ્યમંત્રીનું લાઈવ ટેલિકાસ્ટની જરૂરિયાત હોય , જેની કામગીરી સને ૨૦૨૦-૨૧ ના કા.સ.ઠ.નં.૧૯૭/ તા.૯-૧૦-૨૦૨૦ થી વાર્ષિક ટેન્ડરના મંજુર થયેલ ભાવે રંગીર ડેકોરેટર્સ , વલસાડ પાસે કરાવેલ હોય. જેના ભાડા અંગેનું આવેલ બીલ નં.– ૩૬/તા .૨૪-૦૮-૨૦૨૧ થી રૂા.૯૩,૬૩૫/- પુરાનું અત્રે આવેલ છે. જે આવેલ બીલ બનાવવા તથા તેનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર...**

કા.નં.૧૮

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ થી મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ગણેશજીની મુર્તિઓનું વિસર્જન તા.૧૧-૦૯-૨૦૨૧ થી તા.૨૦-૦૯-૨૦૨૧ ના રોજ વાંકી નંદી, ઔરંગા નદી, તેમજ ધારાનગર બીએપીએસ સ્કુલ પાસે કરવામાં આવેલ. સદરહુ સ્થળોએ લાઈટીંગ , જનરેટર સેટ વિગેરેની વ્યવસ્થા જય અંબે લાઈટીંગ ડેકોરેશન , વલસાડ પાસેથી કરાવવામાં આવેલ. જે અંગેના જુદા જુદા આવેલ બીલની રકમ રૂા.૪,૬૭,૪૦૦/- મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. વર્ષાબેન એ.પાનવાલા

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૨૦૭/તા.૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ગણેશજીની મુર્તિઓનું વિસર્જન તા.૧૧-૦૯-૨૦૨૧ થી તા.૨૦-૦૯-૨૦૨૧ ના રોજથયેલ, સદરહુગણેશજીનું વિસર્જન વાંકી નંદી , ઔરંગા નદી, તેમજ ધારાનગર બીએપીએસ સ્કુલ પાસે કરવામાં આવેલ હોય , સદરહુ કામે વિસર્જનના સ્થળો ઉપર ઉપરોકત જણાવેલ સમયગાળા માટે લાઈટીંગની વ્યવસ્થા કરવા માટે ફાયર એન્ડ લાઇટ કમીટી ઠરાવ નં.૪૩/ તા.૨૬-૦૮-૨૦૧૬થી મંજૂર થયા મુજબ ભાવોથી કામગીરી કરવા માટે એજન્સીશ્રી જયઅંબે લાઈટીંગ ડેકોરેશન , વલસાડને જરૂરી જાવક નં.૧૮૨૦/ તા.૦૬-૦૯-૨૦૨૧ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ. એજન્સી દ્વારા આપેલ વર્ક ઓર્ડર મુજબ ઉપરોકત જણાવેલ સ્થળોએ લાઇટ શાખાના સંકલનમાં રહીને લાઈટીંગની વ્યવસ્થા કરેલ . જે કરેલ કામગીરીના આવેલ જુદા જુદા બીલો નીચે મુજબ છે. જે આવેલ બીલોનું ચૂકવણું કરવા માટે બીલો બનાવવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | સ્થળ ઉપર કામગીરી કર્યાની તારીખ | વિસર્જનનું સ્થળ | બીલ નં. / તારીખ | બીલની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૧-૦૯-૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૫/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૫૦૦/- |
| ૨ | ૧૨-૦૯-૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૬/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૫૦૦/- |
| ૩ | ૧૩-૦૯-૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૭/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૫૦૦/- |
| ૪ | ૧૪-૦૯-૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૮/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૫૦૦/- |
| ૫ | ૧૬-૦૯-૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૯/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૫૦૦/- |
| ૬ | ૧૭-૦૯-૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૦/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૫૦૦/- |
| ૭ | ૧૮-૦૯-૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૧/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૫૦૦/- |
| ૮ | ૧૯-૦૯-૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૨/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૫૦૦/- |
| ૯ | ૧૧-૦૯-૨૦૨૧ | ધારાનગર BAPS સ્કૂલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૩/૨૧-૦૯-૨૦૨૧ | ૫,૯૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૧૨-૦૯-૨૦૨૧ | ધારાનગર BAPS સ્કૂલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૪/૨૧-૦૯-૨૦૨૧ | ૫,૯૦૦/- |
| ૧૧ | ૧૩-૦૯-૨૦૨૧ | ધારાનગર BAPS સ્કૂલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૫/૨૧-૦૯-૨૦૨૧ | ૫,૯૦૦/- |
| ૧૨ | ૧૪-૦૯-૨૦૨૧ | ધારાનગર BAPS સ્કૂલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૬/૨૧-૦૯-૨૦૨૧ | ૫,૯૦૦/- |
| ૧૩ | ૧૬-૦૯-૨૦૨૧ | ધારાનગર BAPS સ્કૂલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૭/૨૧-૦૯-૨૦૨૧ | ૫,૯૦૦/- |
| ૧૪ | ૧૭-૦૯-૨૦૨૧ | ધારાનગર BAPS સ્કૂલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૮/૨૧-૦૯-૨૦૨૧ | ૫,૯૦૦/- |
| ૧૫ | ૧૮-૦૯-૨૦૨૧ | ધારાનગર BAPS સ્કૂલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૯/૨૧-૦૯-૨૦૨૧ | ૫,૯૦૦/- |
| ૧૬ | ૧૯-૦૯-૨૦૨૧ | ધારાનગર BAPS સ્કૂલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૮૦/૨૧-૦૯-૨૦૨૧ | ૫,૯૦૦/- |
| ૧૭ | ૧૧-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાટિંગની વ્યવસ્થા | ૫૭/૨૧-૦૯-૨૦૨૧ | ૩૭,૨૨૫/- |
| ૧૮ | ૧૨-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઇટિંગની વ્યવસ્થા | ૫૮/૨૧-૦૯-૨૦૨૧ | ૩૭,૨૨૫/- |
| ૧૯ | ૧૩-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઇટિંગની વ્યવસ્થા | ૫૯/૨૧-૦૯-૨૦૨૧ | ૩૭,૨૨૫/- |
| ૨૦ | ૧૪-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાટિંગની વ્યવસ્થા | ૬૦/૨૧-૦૯-૨૦૨૧ | ૩૭,૨૨૫/- |
| ૨૧ | ૧૬-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાટિંગની વ્યવસ્થા | ૬૧/૨૧-૦૯-૨૦૨૧ | ૩૭,૨૨૫/- |
| ૨૨ | ૧૭-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાટિંગની વ્યવસ્થા | ૬૨/૨૧-૦૯-૨૦૨૧ | ૩૭,૨૨૫/- |
| ૨૩ | ૧૮-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાટિંગની વ્યવસ્થા | ૬૩/૨૧-૦૯-૨૦૨૧ | ૩૭,૨૨૫/- |
| ૨૪ | ૧૯-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાટિંગની વ્યવસ્થા | ૬૪/૨૧-૦૯-૨૦૨૧ | ૩૭,૨૨૫/- |
| ૨૫ | ૧૪-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે જનરેટર સેટ કેરોસીન સહિત | ૮૧/૨૧-૦૯-૨૦૨૧ | ૯,૬૦૦/- |
| ૨૬ | ૧૯-૦૯-૨૦૨૧ | ઔરંગા નદી ખાતે જનરેટર સેટ કેરોસીન સહિત | ૮૨/૨૧-૦૯-૨૦૨૧ | ૧૨,૮૦૦/- |
| | | | કુલ... | ૪,૬૭,૪૦૦ |

**સ.મ.મંજુર...**

<u>કા.નં.૧૯</u>

વિષય : કા.સ.ઠ.નં-૧૫૨/તા.૧૯-૦૭-૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ , વોર્ડ નં-૧૧ માં વિવિધ વિસ્તારમાં જી.એસ.બી. મટીરીયલ્સ ગાડી નંગ-૫૮ ની જરૂરીયાત હોય, જે અંગેનો અંદાજિત ખર્ચ રૂા.૧૦.૧૫ લાખ થવા જાય છે. જે કામગીરી કરવા તથા તે અંગેનો થનાર ખર્ચ મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે.આ. ભરતભાઇ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૧૫૨/તા.૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા ના વોર્ડ નં-૧૧ ના સભ્યશ્રી મહેબુબ ઉર્ફે ઝાકીર પઠાણની તા.:૨૧-૦૬-૨૦૨૧ ના રોજની અરજીમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.-૧૧માં જુદા જુદા વિસ્તારોમાં જી.યુ.ડી.સી ધ્વારા ડ્રેનેજ લાઇન નાખવાથી રસ્તા ખરાબ થઈ ગયેલ છે. જેથી સદરહુ વિસ્તારમાં અવર-જવર કરતાં રાહદારીઓને મુશ્કેલી ઉપસ્થિત થાય છે. તો સદરહુ ખરાબ થયેલ રસ્તાઓ ઉપર આવનારી ચોમાસાની સિઝનમાં સદરહુ રસ્તા ઉપર કોઈ જાનમાલ/અકસ્માત ન થાય તેવા શુભ આશયથી તાકીદે રસ્તાઓને જી.એસ.બી.મટીરિયલ્સ નાંખી શહેરીજનોએ સરળતાથી અવર-જવર કરી શકે તેવું આયોજન હાથ ધરવાની જરૂરિયાત છે. સદરહુ બાબતને ધ્યાને લઈ જરૂરિયાત મુજબ જી.એસ.બી. મટીરિયલ્સ નાંખી સદરહુ રસ્તાને મરામત કરવાની જરૂરિયાત છે. સદરહુ અરજીમાં જણાવ્યા મુજબ વોર્ડ નં.-૧૧ ના વિસ્તારોમાં જરૂરિયાત મુજબ કામગીરી કરવા માટે કા.સ.ઠ.નં.-૧૮૫/તા..:૧૯-૧૦-૨૦૨૦ થી સને : ૨૦૨૦-૨૧ના વર્ષના બાંધકામ સાઇટ મટીરિયલ્સ સપ્લાય કરવાના કામનું આવેલ ટેન્ડરમાં મંજૂર થયેલ ભાવોથી વલસાડ નગરપાલિકા હદમાં ખરાબ થયેલ રસ્તાઓને મરામત કરવા માટે જાવક નં.૧૨૯૮/તા.૨૨-૦૭-૨૦૨૧ થી વર્કઓર્ડર મુજબ જી.એસ.બી. મટીરિયલ્સ ગાડી નંગ-૧૫ની જરૂરિયાત છે. સદરહુ કામે મંજૂર કરવામાં આવેલ એજન્સીને મટીરિયલ્સ સપ્લાય કરવા તેમજ ટેન્ડર સ્પેશીફિકેશન મુજબ કામગીરી કરવા અંગેની જરૂરી આગામી નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર...**

કા.નં.૨૦

વિષય : કા.સ.ઠ.નં-૧૫૩/તા.૧૯-૦૭-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, વોર્ડ નં-૩ અને ૪ માં વિવિધ વિસ્તારમાં જી.એસ.બી. મટીરીયલ્સ ગાડી નંગ-૯૯ તથા મેટલ મટીરીયલ્સ ગાડી નંગ-૧૭ ની જરૂરીયાત હોય, જે અંગેનો અંદાજિત ખર્ચ રૂા.૨૦.૩૮ લાખ થવા જાય છે. જે કામગીરી કરવા તથા તે અંગેનો થનાર ખર્ચ મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભરતભાઇ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૧૫૩/તા.૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , ઇ.ચા.મોગરાવાડી ઝોન , વલસાડ નગરપાલિકાના તા.:11-06-2021ના રિપોર્ટમાં જણાવ્યા મુજબ તેમજ સદરહુ રિપોર્ટમાં વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.-03 અને ૦૪ના સભ્યશ્રી ગીરીશભાઇ દેસાઇ વિગેરેની રિમાર્ક્સ અન્વયેના રિપોર્ટમાં જણાવ્યા મુજબ , મોગરાવાડી વિસ્તારમાં ઉપરોક્ત રિપોર્ટમાં જણાવ્યા મુજબના વિસ્તારોમાં રસ્તા વરસાદના પાણીથી ખોદાયને ધોવાય ગયેલ હોય અને સદરહુ માર્ગો રાહદારીઓ તથા વાહન ચાલકો તેમજ સદરહુ વિસ્તારના સ્થાનિક રહીશોને માટે અકસ્માત નહીં સર્જાય તે માટે સદરહુ તમામ રસ્તાઓ ઉપર જી.એસ.બી. મટિરિયલ નાખવા જણાવેલ છે. સદરહુ ઇ.ચા. મોગરાવાડી ઝોન તેમજ વોર્ડ નં.-03 અને ૦૪ના સભ્યશ્રીઓની ભલામણ મુજબના વિસ્તારોમાં ખરાબ થયેલ રસ્તાઓને મરામત કરવાની જરૂરિયાત હોય અને આવનારી ચોમાસાની સિઝનમાં સદરહુ રસ્તા ઉપર કોઈ જાનમાલ/અકસ્માત ન થાય તેવા શુભ આશયથી તાકીદે રસ્તાઓને જી.એસ.બી. મટીરિયલ્સ નાખી શહેરીજનોને સરળતાથી અવર-જવર કરી શકે તેવું આયોજન હાથ ધરવાની જરુરીયાત છે. સદરહુ બાબતને ધ્યાને લઈ રિપોર્ટમાં જણાવ્યા મુજબ જી.એસ.બી. મટીરિયલ્સ નાખી સદરહુ રસ્તાને મરામત કરવાની જરુરીયાત છે. જે કામે કા.સ.ઠ.નં.-૧૮૫/તા.૧૯-૧૦-૨૦૨૦ થી સને:૨૦૨૦-૨૧ના વર્ષના બાંધકામ સાઇટ મટીરિયલ્સ સપ્લાય કરવાના કામનું આવેલ ટેન્ડરમાં મંજૂર થયેલ ભાવોથી વલસાડ નગરપાલિકા હદમાં ખરાબ થયેલ રસ્તાઓને મરામત કરવા માટે વહીવટી જાવક નં. ૧૨૯૯/તા.૨૨-૦૭-૨૦૨૧ થી આપેલ વર્કઓર્ડર મુજબ જી.એસ.બી. મટીરિયલ્સ ગાડી નંગ-૧૫ની જરૂરિયાત છે. સદરહુ કામે મંજૂર કરવામાં આવેલ એજન્સીને મટીરિયલ્સ સપ્લાય કરવા તેમજ ટેન્ડર સ્પેશીફિકેશન મુજબ કામગીરી કરાવવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજૂર...**

કા.નં.૨૧

વિષય : કા.સ.ઠ.નં-૧૫૪/તા.૧૯-૦૭-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, નગરપાલિકાના ઘનકચરાની ડંમ્પીગ સાઇટ સુધી અંદાજે ૬૦૦ મીટર જેટલો રસ્તો બનાવવા બાબત.

 દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભરતભાઇ પટેલ

**ઠરાવ:**

કા.સ.ઠ.નં.૧૫૪/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી , સેનેટરી શાખા, વલસાડ નગરપાલિકાના તા.:૨૫-૦૫-૨૦૨૧ના રિપોર્ટમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાની ઘન કચરાની ડમ્પીંગ સાઇટ પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં અને નગરપાલિકાના STP પ્લાન્ટની બાજુમાં આવેલ છે. સદરહુ જગ્યા ઉપર નગરપાલિકા છેલ્લા ૨૩ વર્ષથી કચરાનો નિકાલ કરતી આવેલ છે. અને પહેલા ટ્રેકટરો જુના STP પ્લાન્ટવાળી જગ્યામાંથી ડમ્પ સાઇટ ઉપર જતાં હતા તેને બદલે હાલે રેલ્વે દ્વારા બનાવવામાં આવેલ ફ્રેઇડ કોરીડોરની બાજુવાળી જગ્યા પાસેથી થાય છે. સદરહુ બાબતે STP પ્લાનતથી ડમ્પીંગ સાઇટ સુધીનો અંદાજે ૬૦૦ મીટરનો રોડ હાલે કાચો હોય, અને સદરહુ કાચા રોડ ઉપર ચોમાસાની સિઝનમાં અવર-જવર કરવામાં મુશ્કેલી પડે છે. જેથી સદરહુ કાચા રોડને બનાવવા માટે જરૂરી ભલામણ કરવામાં આવેલ છે.

ના.સરકારશ્રીની ૧૪મુ નાણાંપંચ-૨૦૧૮-૧૯ની યોજના હેઠળ કાશ્મીર નગર નાળાથી કલર ફેક્ટરી થઈ STP ના ગેટ સુધી ડામર રોડ બનાવવામાં આવેલ છે. પરંતુ STPના ગેટથી કચરાની ડમ્પીંગ સાઇટ જતો રોડ કાચો હોય , અને સદરહુ કાચા રોડ ઉપર ચોમાસાની સિઝન દરમ્યાન સેનેટરી શાખાના ટ્રેક્ટરોને અવર-જવર કરવામાં મુશ્કેલી ઉપસ્થિત થાય એમ છે. હાલે ચોમાસાની સિઝન ખુબજ નજીક હોય , અને ચોમાસાની સિઝન શરૂ થાય એ પહેલા સદરહુ કાચા રોડને બનાવવામાં આવે તો ચોમાસાની સિઝનમાં અવર-જવર કરતાં ટ્રેકટરો વધુ મુશ્કેલી ન થાય તેવા શુભ આશયથી સદરહુ રોડને જી.એસ.બી.મટિરિયલ્સ દ્વારા રોડ બનાવવામાં આવે તો હાલ શરૂ થનાર ચોમાસાની સિઝનમાં અવર-જવર કરવામાં સરળતા રહે એમ છે. જેથી સદરહુ કામગીરી કરવા અંગે કા.સ.ઠ.નં.-૧૮૫/તા.:૧૯-૧૦-૨૦૨૦થી મંજૂર થયા મુજબ સને: ૨૦૨૦-૨૧ ના વર્ષના બાંધકામ સાઇટના મટીરિયલ્સ સપ્લાય અંગેના આવેલ ઓનલાઈન ટેન્ડરના ભાવોથી વહીવટી જાવક નં.૧૨૯૬/તા.૨૨-૦૭-૨૦૨૧થી એજન્સીને વર્કઓર્ડર આપ્યા મુજબ જી.એસ.બી.મટિરિયલ્સ ગાડી નંગ.૩૦ તેમજ મેટલ મટિરિયલ્સ ગાડી નંગ.૦૫ની જરૂરિયાત જણાતા તે અંગે કામગીરી કરવા જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજૂર...**

જ.બો.ઠ.નં. ૧૦૪/ તા.૨૯-૧૦-૨૦૨૧

કા.નં.૨૨

વિષય : કા.સ.ઠ.નં-૧૧૮/તા.૧૯-૦૭-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, લાંબા સમયથી ગેરહાજર રહેતા સફાઈ કામદારોને છૂટા કરવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. રૂષિકાકુમારી પી.આહિર

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૧૧૮/તા.૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , નગરપાલિકાના આરોગ્ય શાખામાં નીચે જણાવેલ યાદી મુજબના અને તેમાં જણાવેલ વિગતવાળા ઝાડુવાળા/વાલ્મિકી સફાઈ કામદારો લાંબા સમયથી ફરજ ઉપર આવતા નથી. ફરજ ઉપર હાજર થવા નોટીશો પણ આપવામાં આવેલ છતાં કોઈને કોઈ બહાના હેઠળ ફરજ ઉપર આવતા નથી જેને કારણે ખાતાને તેની કામગીરીમાં પહોંચી વળવામાં મુશ્કેલી પડી રહી છે.

| અં.નં. | સફાઈ કામદારનું નામ | હોદ્દો | નિમણુક | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી પોલારામ મોડાજી | કાયમી વાલ્મિકી સફાઈ કામદાર | ૧/૧૧/૧૯૯૩ | તા.:૦૧/૦૧/૨૦૧૯ થી સતત ગે×હા (અમુક માસ બાદ કરતાં) |
| ૨ | શ્રી ટીનુભાઈ દિનેશભાઇ | ફિક્સ પગારદાર વાલ્મિકી સફાઈ કામદાર | ૦૧/૦૮/૨૦૧૬ | સતત ગે×હા |
| ૩ | શ્રી નિતિનભાઈ ધનેશભાઈ | ફિક્સ પગારદાર વાલ્મિકી સફાઈ કામદાર | ૦૧/૦૮/૨૦૧૭ | સતત ગે×હા |

ઉપરોક્ત બાબતોથી વિદિત થતાં સદર વાલ્મિકી સફાઈ કામદારોના તેમની ફરજમાંથી છુટા કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર...**

કા.નં.૨૩

વિષય : કા.સ.ઠ.નં-૪૦૦/તા.૦૪-૦૩-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, નામદાર સરકારશ્રીની રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના (NULM) હેઠળ શહેરી ઘર વિહોણા માટે આશ્રય સ્થાન ઘટક હેઠળ નાઈટ શેલ્ટર બનાવવાના કામે ઇજનેરશ્રી તેમજ કન્સલટન્ટશ્રીના ઇજનેરશ્રીના સંયુક્ત સ્થળ તપાસ કરી મંજૂર થયેલ ડીઝાઇનમાં તેમજ સોઇલ ટેસ્ટીંગ મુજબના વધારાની રબલ સોલીંગ, કોલમના ફુટીંગના માપોમાં વધારો કરવામાં આવેલ છે. જે વધારાની કામગીરીનો ખર્ચ રૂા.૨૪,૦૮,૮૮૧.૫૪/- પૂરા મંજૂર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. રવિન્દ્રભાઈ મહાકાલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૪૦૦/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ ,ના.સરકારશ્રીના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના ( NULM) હેઠળ શહેરી પર વિહોણા માટે આશ્રય ઘટક હેઠળ જ્યોતિ હોલના સામેના ભાગે આવેલ શાકભાજી માર્કેટની પાછળ , જય માતાજી સ્ટોર્સની પાસે નાઈટ શેલ્ટર બનાવવાના કામે એજન્સીશ્રી સી.આર.પી. ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. , સુરતનું ટેન્ડર કા.સ.ઠ.નં.૩૧૩/તા.:૦૪/૧૧/૨૦૧૯ થી મંજૂર કરવામાં આવેલ છે. સદરહુ કામે નિમણુક કરવામાં આવેલ કન્સલ્ટન્ટશ્રી ક્રિષ્ણા કન્સલ્ટન્ટ , આણંદના તા.:૧૫-૦૧-૨૦૨૧ના પત્રમાં જણાવ્યા મુજબ ઉપરોક્ત કામે મંજૂર થયેલ જગ્યાએ સ્થળ ઉપર જોતાં મંજૂર થયેલ જગ્યા પાસેથી મુખ્ય ગટર પસાર થતી હોય તથા પે એન્ડ યુઝ ટોયલેટની લાઈનો , ખાળકુવો તથા જુની પુરાણની જગ્યા માલુમ પડેલ હોય ,જેથી સદરહુ બાબતે સ્થળ ઉપર કામના એજન્સી ધ્વારા **SBC** રિપોર્ટ પણ મેળવવામાં આવેલ છે. અને જેને ધ્યાને લઈ નગરપાલિકાના ઈજનેરશ્રી તેમજ કન્સલ્ટન્ટશ્રીના ઈજનેરશ્રી સાથે સયુંક્ત સ્થળ તપાસ કરી મંજૂર થયેલ ડીઝાઈનમાં ફેરફાર કરવામાં આવેલ છે. અને સોઇલ ટેસ્ટીંગ મુજબના વધારાની રબલ સોલીંગ કરવામાં આવેલ છે. તેમજ કોલમના ફૂટિંગના માપોમાં પણ વધારો કરવામાં આવેલ છે. આને સદરહુ બાબતે સ્થળ પરિસ્થિતીને ધ્યાને કરવાની થતી વધારાની કામગીરીનો ખર્ચ રૂ|.૨૪,૦૮,૮૮૧.૫૪/- પૂરો થવા જાય એમ છે. ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઈ , સદરહુ ખર્ચ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર...**

કા.નં.૨૪

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ થી મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, આરોગ્ય શાખામાં ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કાયમી કર્મચારી પ્રવીણભાઈ છનીયાભાઈ કુંકણાનું તા.૦૯-૦૫-૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદાર પુત્રશ્રી સંજયભાઈ પ્રવીણભાઈ કુંકણા , રહે: નાના પારસીવાદ પાછળ , રાખોડીયા તળાવ , વલસાડને રહેમ રહે સફાઈ કામદાર તરીકે નોકરીમાં લેવા બાબતેની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. રૂષિકાકુમારી પી.આહિર

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૨૧૪/તા.૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ, અરજદારશ્રી સંજયભાઈ પ્રવીણભાઈ કુંકણા રહે નાના પારસીવા ડ પાછળ, રાખોડીયા તળાવ, વલસાડનાએ તા.૨૬-૦૫-૨૦૨૧ ના રોજ નગરપાલિકાને અરજી આપી તેમના પિતા પ્રવીણભાઈ છનીયાભાઈ કુંકણા કે જેઓ વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે જ.બો.ઠ.નં.૩૬૭ તા.૩૦-૦૧-૧૯૮૨ થી ઠરાવ્યા મુજબ નિમણુંક મેળવી ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેમનું તા.૦૯-૦૫-૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદાર પુત્ર શ્રી સંજયભાઈ પ્રવીણભાઈ કુંકણાએ ના.ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : નપમ/૧૨૨૦૧૭/સી.ફા.૨૮/આર/તા૧૮-૧૦-૨૦૧૭ માં કરવામાં આવેલ જોગવાઈ રાજયની નગરપાલિકાઓમા સફાઈ કામદાર તરીકે નિયમિત મહેકમ પરની જગ્યાએ નિયમિત નિમણુંક પામીને ફરજ બજાવતા સફાઈ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઈ કામદારના વારસદારને વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાના સંજોગોમાં સ્વ. સફાઈ કામદારના એક વારસદારને સરકારશ્રી દ્વારા નક્કી કરેલ શરતોને આધીન વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાનું ઠરાવેલ છે. જે હેઠળ આ અરજી કરેલ છે.

ના. સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ શરતો મુજબ...

(૧) તેમના પિતાશ્રીના મરણ બાદ આ યોજના હેઠળ રહેમરાહે નિમણુંક મેળવવા છ માસમાં અરજી કરવાની થાય છે. અરજદારના પિતાનું તા.૦૯-૦૫-૨૦૨૧ ના રોજ અવસાન થતાં અરજદારે તા.૨૬-૦૫-૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે તે જોતાં અરજદારે નિયત સમય મર્યાદામાં અરજી કરેલ હોવાનું જણાય છે.

(૨) અરજદારના પિતાની નગરપાલિકા જ.બો.ઠ.નં.૩૬૭ તા.૩૦-૦૧-૧૯૮૨ થી ઠરાવ્યા મુજબ નિયમિત ધોરણે નિમણુંક કરેલ હતી અને તેમણે ૩૮ વર્ષ નોકરીમાં ફરજ બજાવેલ હતી. ગાઈડ લાઇન મુજબ ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરીનો સમયગાળો જળવાય છે.

(૩) અરજદાર તેમના સ્વ. સફાઈ કામદારના કાયદેસરના પુત્ર થાય છે.

(૪) સ્વ. સફાઈ કામદારશ્રી પ્રવીણભાઈ છનીયાભાઈ કુંકણાનું કુટુંબ હાલે તેમના પુત્ર અને અરજદાર ઉપર નિર્ભર હોય તેમજ અરજદાર રહેમરાહે નિમણુંક મેળવવા તમામ રીતે યોગ્ય અને પાત્રતા ધરાવે છે.

(૫) અરજદારની હાલની ઉમર ૩૫ વર્ષની છે તે જોતાં તેઓની ઉમર નગરપાલિકાના ભરતીના નિયમોના ક્રાઇટ એરીયામાં આવે છે.

(૬) નગરપાલિકાના આરોગ્ય શાખાના મહેકમે હાલે ઝાડુવાળા સફાઈ કામદારની ૨૬ જગ્યાઓ ખાલી છે. તેમાં અરજદારની રહેમરાહે નિમણુંક કરી શકાય તેમ છે.

(૭) અરજદારશ્રીએ ના.સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ સદર યોજનાની ગાઈડ લાઇનના નિયમ-૬ મુજબ બાંહેધરી આપેલ છે.

(૮) ના. સરકારશ્રી દ્વારા નક્કી કરેલ ગાઈડ લાઇનના નિયમ -૩ મુજબ સરકારશ્રી દ્વારા રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી માન્ય હોય તો નગરપાલિકાની સમગ્ર સભામાં મંજૂરી માટે રજૂ કરવાની થાય છે અને સમગ્ર સભાની મંજૂરી મેળવ્યા બાદ ચીફ ઓફિસરશ્રી આ વિગતવાર અરજદારશ્રીનો નિમણુંક ઓર્ડર કરવાનો થાય છે.

ઉપરોકત હકીકતોથી વિદિત થતાં અરજદાર સંજયભાઈ પ્રવીણભાઈ કુંકણા તેમના પિતાશ્રીના મરણ બાદ રહે મરાહે ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે નિમણુંક મેળવવાની પાત્રતા ધરાવતા હોય તેમની રહે મરાહે ઝાડુવાળા સફાઈ કામદારની જગ્યા ઉપર નિમણુંક કરવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર...**

કા.નં.૨૫

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ થી મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ, આરોગ્ય શાખામાં ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કાયમી કર્મચારી ધનસુખભાઈ હરીભાઈ પટેલનું તા.૨૯-૦૪-૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદાર પુત્રશ્રી ધીરજ ધનસુખભાઈ પટેલ, રહે : ડોંડીયા ટેકરા ,મોટા ઘાંચીવાડ પાછળ , વલસાડને રહેમ રહે સફાઈ કામદાર તરીકે નોકરીમાં લેવા બાબતેની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. રૂષિકાકુમારી પી.આહિર

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૨૧૫/તા.૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ,અરજદારશ્રી ધીરજ ધનસુખભાઈ પટેલ રહે ડોંડીયા ટેકરા ,મોટા ઘાંચીવાડ પાછળ , વલસાડના એ તા.૨૭-૦૫-૨૦૨૧ ના રોજ નગરપાલિકાને અરજી આપી તેમના પિતા ધનસુખભાઈ હરીભાઈ પટેલકે જેઓ વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે જ.બો.ઠ.નં.૨૦૧/ તા.૩૦-૧૦-૧૯૯૬ થી ઠરાવ્યા મુજબ નિમણુંક મેળવી ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેમનું તા.૨૯-૦૪-૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદાર પુત્ર શ્રી ધીરજ ધનસુખભાઈ પટેલએ ના.ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ , ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : નપમ/૧૨૨૦૧૭/સી.ફા.૨૮/આર/તા૧૮-૧૦-૨૦૧૭ માં કરવામાં આવેલ જોગવાઈ રાજયની નગરપાલિકાઓમા સફાઈ કામદાર તરીકે નિયમિત મહેકમ પરની જગ્યાએ નિયમિત નિમણુંક પામીને ફરજ બજાવતા સફાઈ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઈ કામદારના વારસદારને વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાના સંજોગોમાં સ્વ. સફાઈ કામદારના એક વારસદારને સરકારશ્રી દ્વારા નક્કી કરેલ શરતોને આધીન વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાનું ઠરાવેલ છે. જે હેઠળ આ અરજી કરેલ છે.

ના. સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ શરતો મુજબ...

(૧) તેમના પિતાશ્રીના મરણ બાદ આ યોજના હેઠળ રહેમરાહે નિમણુંક મેળવવા છ માસમાં અરજી કરવાની થાય છે. અરજદારના પિતાનું તા.૨૯-૦૪-૨૦૨૧ ના રોજ અવસાન થતાં અરજદારે તા.૨૭-૦૫-૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે તે જોતાં અરજદારે નિયત સમય મર્યાદામાં અરજી કરેલ હોવાનું જણાય છે.

(૨) અરજદારના પિતાની નગરપાલિકા જ.બો.ઠ.નં.૨૦૧/તા.૩૦-૧૦-૧૯૯૬ થી ઠરાવ્યા મુજબ નિયમિત ધોરણે નિમણુંક કરેલ હતી અને તેમણે ૨૫ વર્ષ નોકરીમાં ફરજ બજાવેલ હતી. ગાઈડ લાઇન મુજબ ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરીનો સમયગાળો જળવાય છે.

(૩) અરજદાર તેમના સ્વ. સફાઈ કામદારના કાયદેસરના પુત્ર થાય છે.

(૪) સ્વ. સફાઈ કામદારશ્રી ધનસુખભાઈ હરીભાઈ પટેલનું કુટુંબ હાલે તેમના પુત્ર અને અરજદાર ઉપર નિર્ભર હોય તેમજ અરજદાર રહેમરાહે નિમણુંક મેળવવા તમામ રીતે યોગ્ય અને પાત્રતા ધરાવે છે.

(૫) અરજદારની હાલની ઉમર ૩૦ વર્ષની છે તે જોતાં તેઓની ઉમર નગરપાલિકાના ભરતીના નિયમોના ક્રાઇટ એરીયામાં આવે છે.

(૬) નગરપાલિકાના આરોગ્ય શાખાના મહેકમે હાલે ઝાડુવાળા સફાઈ કામદારની ૨૬ જગ્યાઓ ખાલી છે. તેમાં અરજદારની રહેમરાહે નિમણુંક કરી શકાય તેમ છે.

(૭) અરજદારશ્રીએ ના.સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ સદર યોજનાની ગાઈડ લાઇનના નિયમ-૬ મુજબ બાંહેધરી આપેલ છે.

(૮) ના. સરકારશ્રી દ્વારા નક્કી કરેલ ગાઈડ લાઇનના નિયમ -૩ મુજબ સરકારશ્રી દ્વારા રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી માન્ય હોય તો નગરપાલિકાની સમગ્ર સભામાં મંજૂરી માટે રજૂ કરવાની થાય છે અને સમગ્ર સભાની મંજૂરી મેળવ્યા બાદ ચીફ ઓફિસરશ્રી આ વિગતવાર અરજદારશ્રીનો નિમણુંક ઓર્ડર કરવાનો થાય છે.

ઉપરોકત હકીકતોથી વિદિત થતાં અરજદાર ધીરજ ધનસુખભાઈ પટેલ તેમના પિતાશ્રીના મરણ બાદ રહે મરહે ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે નિમણુંક મેળવવાની પાત્રતા ધરાવતા હોય તેમની રહેમરાહે ઝાડુવાળા સફાઈ કામદારની જગ્યા ઉપર નિમણુંક કરવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર...**

જ.બો.ઠ.નં. ૧૦૮ / તા.૨૯-૧૦-૨૦૨૧

કા.નં.-૨૬

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ થી મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ ,અમૃત યોજના (૨૦૧૭-૨૦) હેઠળ પાઇપલાઇનની કામગીરીમાં મુદ્દત વધારો કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં.૨૧૬/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , ના.સરકારશ્રીની અમૃત યોજના (૧૭-૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં Providing, Laying, Jointing of Rising mains from Abrama headwork to Kalyanbaug sump and from kalyanbaug sump to ESR at Tithal Road including connection pipeline from Tithal Road ESR to existing network. Desiginin, Costruction, Testing & Commissioning of Elevated Service connections for Valsad including all allied works complete and post completion operation & maintenance for five years બનાવવાના કામે ઠેકેદારશ્રી ક્રિષ્ના કન્સ્ટ્રક્શન કંપની ,ઇ/૩૭ અને ૨૯ , નગરપાલિકા શો.સેન્ટર , ધોબીઘાટ , મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૧૬ ,૭૨,૧૦,૮૦૦/- કરતાં ૯.૯૫% ઊંચા ભાવથી ટેન્ડર આવેલ છે , જે અન્વયે તા.૦૮-૦૩-૨૦૧૯ ની GUDM, ગાંધીનગરની ૧૭મી સ્ક્રૂટીની તેમજ ૨૫ મી SLTC ની મીટીંગમાં ટેન્ડરરશ્રી ક્રિષ્ના કન્સ્ટ્રકશન કંપની, મહેસાણા સાથે જરૂરી નેગોશીએશન કરતાં એસ્ટીમેન્ટની રકમ કરતાં ૪.૯૫% ઉંચા ભાવથી કામગીરી કરવા GUDM, ગાંધીનગર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જેથી ઠેકેદારશ્રી ક્રિષ્ના કન્સ્ટ્રકશન કંપની, ઇ-૩૭ અને ૨૯, નગરપાલિકા શોપિંગ સેન્ટર, ધોબીઘાટ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૧૬,૭૨,૧૦,૮૦૦/- કરતાં ૪.૯૫% ઉંચા ભાવથી રૂા.૧૭,૫૪,૮૭,૭૩૫/- ટેન્ડર કા.સ.ઠ.નં.૩૬૮/ તા૦૮-૦૩-૨૦૧૯ થી મંજૂર કરવામાં આવેલ છે.

વધુમાં ટેન્ડરરશ્રીની તા.૧૧-૦૮-૨૦૨૧ની અરજીમાં જણાવ્યા મુજબ સદરહુ કામનું ખામુર્હત તા.૦૮-૦૩-૨૦૧૯ના રોજ કરવામાં આવેલ , જેથી કામગીરી શરૂ થઈ શકેલ ન હોય , જેમાં તા.૦-૦૩-૨૦૧૯ થી તા.૨૪-૦૭-૨૦૧૯ લોકસભા ઈલેકશન ૭૫ દિવસ અને રેલ્વે ક્રોસીંગ અને નેશનલ હાઇવે હસ્તકના રોડ પરની મંજૂરી બાકી હોવાથી અને માર્ગ મકાન વિભાગ (સ્ટેટ) , વલસાડ હસ્તકના રોડ તેમજ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), વલસાડના હસ્તકની જમીન પર પાઇપલાઇનની કામગીરી બાકી હોવાથી તથા તા.૨૦-૦૨-૨૦૨૦ થી ગુજરાત શહેરી વિકાસ મિશન , ગાંધીનગર ખાતે એક્સ્ટ્રા એક્સેસ વર્કની મંજૂરીની કાર્યવાહી બાકી હોવાથી અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોના વૈશ્વિક મહામારી પ્રથમ વેવ તા.૨૨-૦૩-૨૦૨૦ થી તા.૧૭-૦૬-૨૦૨૦ તથા બીજો વેવ તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૫-૨૦૨૧, દિવસ ૨૦૭ જેથી ટેન્ડરશ્રીની સમય મર્યાદા તા.૦૮-૦૯-૨૦૨૧ ના રોજ પૂર્ણ થવાની હોય , ઠેકેદારશ્રીની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ ઉપયુકત બાબતે ધ્યાને લઈ તા.૩૦-૦૬-૨૦૨૨ સુધી મુદ્દતમાં વધારો કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર...**

જ.બો.ઠ.નં. – ૧૦૯/તા.૨૯-૧૦-૨૦૨૧.

કામ નં-૨૭

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ ડીલક્ષ ઝેરોક્ષ સેન્ટરનું
રૂા.૨૩,૩૮૦/- પુરાનું બીલ મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ધર્મેશભાઈ એ.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૧૮/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , શહેરી જનસુખાકારી દિનની ઉજવણી નિમિત્તે ગુજરાત રાજયની તમામ નગરપાલિકા/મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ વિકાસલક્ષી કામોના ખાતમુહર્ત/લોકાર્પણ કરવાનું તેમજ આવનાર સમયમાં વિકાસલક્ષી કામો કરવા અંગે સરકારશ્રી તરફથી જરૂરી ગ્રાન્ટ અન્વયેનો ચેક તમામ નગરપાલિકા/ મહાનગરપાલિકાને અર્પણ કરવાનો કાર્યક્રમ તા.૦૮-૦૮-૨૦૨૧ના રોજ રાખવામા આવેલ , સદરહુ કાર્યક્રમ વલસાડ નગરપાલિકા સંચાલિત મોરારજી દેસાઇ ઓડીટોરીયમ હોલ ખાતે વલસાડ જિલ્લાની ૦૫(પાંચ) નગરપાલિકાઓનો કાર્યક્રમ રાખવામા આવેલ. અને સદરહુ કાર્યક્રમમાં માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા , ગુજરાત રાજય , શ્રી ઈશ્વરભાઈ પરમાર સાહેબ , મે.કલેકટરશ્રી ,વલસાડ જિલ્લા , મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી ,(સાઉથ ઝોન) ,સુરત, સાંસદશ્રી,વલસાડ-ડાંગ જિલ્લા , વલસાડ જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓ , તમામ વલસાડ જિલ્લાના ચીફ ઓફિસરશ્રીઓ ,પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓ,વિગેરે હાજરીમાં કાર્યક્રમ પુર્ણ કરવામાં આવેલ. સદરહુ કાર્યક્રમમાં ડાયસ ઉપર બેસનાર મહાનુભાવો માટે જરૂરી આમંત્રણ પત્રિકા , વલસાડ જિલ્લાની રૂપરેખા , મીનીટ ટુ મીનીટ કાર્યક્રમ, વિકાસલક્ષી કામોની વિગત ,વિગેરે જેવી કલર A4 સાઇઝમાં ફાઇલ બનાવી આપવામાં આવેલ, તેમજ કાર્યક્રમ પુર્ણ થયા બાદ મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી ,(સાઉથ ઝોન),સુરત દ્વારા સરકારશ્રીની જુદી-જુદી યોજના હેઠળ વિકાસલક્ષી કામોના ફોટોગ્રાફ્સ તેમજ કામોની વિગત દર્શાવતી PPT A4 સાઇઝમાં બુકલેટ બનાવવામાં આવેલ. ઉપરોક્ત તમામ કરાવેલ કામગીરી તાકીદે કરાવવાની હોવાથી સદરહુ કામગીરીના જાણકાર ડીલક્ષ ઝેરોક્ષ સેન્ટર , સ્ટેડીયમ રોડ , વલસાડ પાસેથી કરાવેલ , કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૨૩ ,૩૮૦/- પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. તો સદરહુ આવેલ બીલ મંજુર કરી બીલનું ચૂકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

જ.બો.ઠ.નં. – ૧૧૦/તા.૨૯-૧૦-૨૦૨૧.

કામ નં-૨૮

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ SJMMSVY -UDP-88-2019-20 હેઠળ વરસાદી ગટર બનાવવાના કામે કામના ઠેકેદારશ્રી એમ.એ.ખાચર,રાજકોટની મુદ્દતમાં વધારો કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભરતભાઈ સી.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૨૦/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની SJMMSVY-UDP-88-2019-20 હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં કુલ-૧૭ કામો જુદા-જુદા સ્થળોએ વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં-૪૩૪૮૮૯) કરવામાં આવતા ટેન્ડરરશ્રી એમ.એ.ખાચર , રાજકોટનું ટેન્ડર એસ્ટીમેઈટ ની રકમ રૂ ।.૨,૦૭,૮૫,૩૦૦/- થી ૧૦.૦૮% નીચા ભાવથી આવેલ રકમ રૂ ।.૧,૮૬,૯૦,૧૪૧.૭૬/- નીચા ભાવથી ટેન્ડર નીચા ભાવથી ટેન્ડર કારોબારી સમિતિ ઠરાવ નં-૨૯૨/તા.૧૪-૧૨-૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ. અને ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ૧૨ માસની સમયમર્યાદામાં કામો પુર્ણ કરવા અંગે અત્રેની કચેરીએથી તા.૨૪-૧૨-૨૦૨૦ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ અને એજન્સી દ્વારા આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ એજન્સી દ્વારા જે તે સ્થળ ઉપર કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

વિશેષમાં સદરહુ એજન્સીએ દ્વારા તા.૧૩-૦૭-૨૦૨૧ થી અત્રેની કચેરીએ પત્ર રજૂ કરેલ છે. જેમાં સદરહુ કામની મુદ્દતમાં વધારો કરવા અંગેની માંગણી કરેલ છે. હાલે કોરાનાની વૈશ્વિક મહામારી (બીજી લહેર) ને કારણે સદરહુ એજન્સીના કામદારો ગોધરા અને અન્ય રાજયમાં પોતાના ઘરે પરત ગયેલ હોય , અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય , કામગીરી થઈ શકે એમ નથી. એમ જણાવેલ છે. સદરહુ એજન્સીના મંજૂર થયેલ કામની મુદ્દત તા.૨૩-૧૨-૨૦૨૧ ના રોજ પુર્ણ થાય છે. તો સદરહુ કામે એજન્સીના તા.૧૩-૦૭-૨૦૨૧ ના પત્રમાં જણાવ્યા પ્રમાણેના કારણો મુજબ કામગીરીની મુદ્દતમાં વધારો કરી આપવાની જરૂરીયાત જણાતી હોય , અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય, જેથી સદરહુ કામ ચોમાસાની સીઝનમાં થઈ શકે તેમ ન હોય, જેથી ઉપરોક્ત કામો પુર્ણ કરવા માટે સમયમર્યાદામાં ૦૬ માસની મુદ્દતમાં વધારો એટલે કે ૨૪-૧૨-૨૦૨૧ થી ૨૩-૦૬-૨૦૨૨ સુધી કામની મુદ્દતમાં વધારો કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

જ.બો.ઠ.નં. – ૧૧૧/તા.૨૯-૧૦-૨૦૨૧

કામ નં-૨૯

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ શ્રી મુકેશ
જે.પાંચાલ,વલસાડનું રૂા.૮૦,૦૦૦/- નું બીલો મંજૂર કરવા બાબત.
દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે.આ. ભારતીબેન એમ.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૨૪/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , વલસાડ સીવીલ કોર્ટમાં નીચે જણાવ્યા મુજબના કેસો હાલે પેન્ડીંગ હોય , અને સદરહુ કેસો અંગે એડવોકેટશ્રી મુકેશ જે.પાંચાલ,વલસાડની નિમણૂક કરવામાં આવેલ છે. સદરહુ કેસો અંગે તમામ કામગીરી સદરહુ એડવોકેટશ્રી દ્વારા કરવામાં આવે છે. અને જે કેસોમાં કરેલ કાર્યવાહી અંગેનું બીલો અત્રેની કચેરીએ સાદર કરેલ છે. સદરહુ આવેલ બીલોનું કુલ રૂા.૧ ,૬૦,૦૦૦/- પુરાનું આવેલ છે. જે આવેલ બીલોનું ચૂકવણું કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

(1) RCS NO.91/2020 NITINBHAI D.SONI..... RS.80,000/-

(2) RCS NO.29/2020 RAMLALA CHARITABLE TRUST & OTHER... RS.80,000/-

**સ.મ.મંજુર....**

કામ નં-30

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ ઠેકેદારશ્રી પુનમ કન્સ્ટ્રકશન, બીલીમોરાના કામગીરીની મુદ્દતમાં વધારો કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભરતભાઈ સી.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૨૭/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની વર્ષ : ૨૦૧૮-૧૯ ના વર્ષની ૧૪માં નાણાંપંચની યોજના (પ્રથમ તેમજ બીજા હપ્તો) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં કુલ-૧૭ જુદા-જુદા સ્થળોએ પેવરબ્લોક બેસાડવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ કરવામાં આવતા (ટેન્ડર આઈ.ડી.નં-૪૩૦૬૧૧) L1 ટેન્ડરરશ્રી પુનમ કન્સ્ટ્રકશન,ચીખલી રોડ,બીલીમોરાનું ટેન્ડર એસ્ટીમેઈટ ની રકમ રૂ ।.૧,૪૯,૮૫,૮૦૦/- થી ૩૧.૭૭% નીચા ભાવથી આવેલ રકમ રૂ।.૧,૦૨,૨૪,૮૧૧/- નીચા ભાવથી ટેન્ડર કારોબારી સમિતિ ઠરાવ નં-૨૭૨/તા.૧૨-૧૧-૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ. અને ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ૦૯ માસની સમયમર્યાદામાં કામો પુર્ણ કરવા અંગે અત્રેની કચેરીએથી તા.૧૦-૧૨-૨૦૨૦ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ અને એજન્સી દ્વારા આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ કુલ-૧૭ કામો પૈકી નીચે મુજબના ૦3 કામોના સ્થળ ઉપર જરૂરી નગરપાલિકા લેવલે અન્ય કામો કરવાના બાકી હોવાથી હાલે સદરહુ જગ્યાઓએ પેવરબ્લોકના કામો શરૂ કરી શકાય એમ નથી. જેથી સદરહુ ૦3 કામો પુર્ણ કરવા અંગે જરૂરી સમયમર્યાદામાં ૦૬ માસનો વધારો કરવા અંગેની માંગણી કરેલ છે.

જેથી ઉપરોક્ત હકીકતને ધ્યાને લઈ ટેન્ડરરશ્રી પુનમ કન્સ્ટ્રકશન ,ચીખલી રોડ,બીલીમોરાની ઉપરોક્ત કામે તા.૦૯-૦૯-૨૦૨૧ ના રોજ સમયમર્યાદા પુર્ણ થવા જાય છે. જે સમયમર્યાદાને ૦૬ માસની મુદ્દતમાં વધારો કરવા એટલે કે તા.૧૦-૦૯-૨૦૨૧ ૦૯-03-૨૦૨૨ સુધી કામની મુદ્દતમાં વધારો કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | કારણ |
|---|---|---|
| ૧ | સુપર કોમ્પ્લેક્ષ પાણીની ટાંકી થઈ ઔરંગા નદી જેટીના ગેટ સુધી રોડની બંને સાઇડે પેવરબ્લોકનું કામ | ડીમોલેશનની બાકી કામગીરીને કારણે |
| ૨ | રામવાડી - ૧ થી ૩ ની વચ્ચેની ગલીમાં પેવરબ્લોકનું કામ | રામવાડી, રામ એપાર્ટમેન્ટ વિસ્તારમાં ડ્રેનેજની કામગીરી બાકી હોવાથી |
| 3 | વાવ ફળિયા વિસ્તારમાં સ્કૂલ પાસે ની આંતરિક ગલીઓમાં પેવરબ્લોકનું કામ | સદરહુ વિસ્તારમાં ડ્રેનેજની કામગીરી બાકી હોવાથી |

**સ.મ.મંજુર....**

કામ નં-૩૧

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ ઠેકેદારશ્રી આદ્યશક્તિ એન્જીનીયરીંગ વર્કસ, ના કામગીરીની મુદ્દતમાં વધારો કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભરતભાઈ સી.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૨૮/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની SJMMSVY-UDP-88-2017-18 હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં-૪૩૪૯૩૨) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન કુલ-03 ટેન્ડરો આવેલ છે. સદરહુ આવેલ કામના ટેન્ડર ડોકયુમેન્ટ તા.03-૧૨-૨૦૨૦ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહુ ટેન્ડરરોના આવેલ ડોકયુમેન્ટ ક્રિષ્ણા કન્સ્લટન્ટ ,આણંદ દ્વારા ચકાસણી કરતાં ક્વોલીફાઇડ થયેલ ટેન્ડરરોના ઓનલાઈન ટેન્ડર તા.0૪-૧૨-૨૦૨૦ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ટેન્ડરરશ્રી આદ્યશક્તિ એન્જીનીયરીંગ વર્કસ , સ્વાધ્યાય મંડળ રોડ , આદર્શ સોસાયટી , ગર્વમેન્ટ ગેસ્ટ હાઉસની પાછળ , પારડીનું ટેન્ડર એસ્ટીમેઈટ ની રકમ રૂ ।.૧૮,૩૨,000/- થી ૧૨.૯૬% નીચા ભાવથી આવેલ રકમ રૂ ।.૧૫,૯૪,૫૭૨.૮૦/- નીચા ભાવથી ટેન્ડર આવેલ છે. સદરહુ આવેલ ટેન્ડર કા.સ.ઠ.નં-૨૯૬/તા.૧૪-૧૨-૨૦૨૦ થી મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે સદરહુ એજન્સી સાથે કરારખત કરી સદરહુ મંજૂર થયેલ 0૨ કામોના વર્કઓર્ડર તા.૨૨-૧૨-૨૦૨૦ થી 0૩(ત્રણ) માસની મુદ્દતમાં કામગીરી પુર્ણ કરવા અંગેનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે.

વિશેષમાં સદરહુ એજન્સીએ દ્વારા તા.૨0-0૭-૨૦૨૧ થી અત્રેની કચેરીએ પત્ર રજૂ કરેલ છે. જેમાં સદરહુ કામની મુદ્દતમાં વધારો કરવા અંગેની માંગણી કરેલ છે. હાલે કોરાનાની વૈશ્વિક મહામારી (બીજી લહેર) ને કારણે સદરહુ એજન્સીના કામદારો ગોધરા અને અન્ય રાજયમાં પોતાના ઘરે પરત ગયેલ હોય , અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય , કામગીરી થઈ શકે એમ નથી. એમ જણાવેલ છે. સદરહુ એજન્સીના મંજૂર થયેલ કામની મુદ્દત ૨૧-0૩-૨૦૨૧ ના રોજ પુર્ણ થાય છે. તો સદરહુ કામે ઉપરોક્ત પત્રમાં જણાવ્યા પ્રમાણેના કારણો મુજબ કામગીરીની મુદ્દતમાં વધારો કરી આપવાની જરૂરીયાત જણાતી હોય , અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય, જેથી સદરહુ કામ ચોમાસાની સીઝનમાં થઈ શકે તેમ ન હોય , ચોમાસાની સીઝન પુર્ણ થયેથી એટલે કે તા.૩૧-૧૦-૨૦૨૧ સુધી મુદ્દતમાં વધારો કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

કામ નં-૩૨

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ અમૃત યોજના (૨૦૧૭-૨૦) હેઠળ પાઇપલાઇનના ટેન્ડર અંગે નગરાપાલિકાના એડવોકેટશ્રી ડી.જી.ચૌહાણનું વકીલ ફી રૂા.૧,૭૩,૦૦૦/- પુરાનું બીલ મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભારતીબેન એમ.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૩૦/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ વોટર સપ્લાય સેક્ટર (૨૦૧૭-૨૦) હેઠળ પાણીની પાઇપલાઇન નાખવાના કામે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવેલ. જે આવીલ ટેન્ડર પૈકી ટેન્ડરરશ્રી મારૂતિ એન્ટરપ્રાઇઝ , રાજકોટનું ટેન્ડર નામંજૂર કરતાં સદરહુ ટેન્ડરરશ્રી દ્વારા નામદાર હાઇકોર્ટમાં સ્પે.સી.એપ્લી.નં.૧૪૫૨૭/૨૦૧૯ થી દાખલ કરેલ. સદરહુ કેસ અન્વયે નગરપાલિકા તરફેની કાર્યવાહી કરવા તેમજ કોર્ટમાં હાજર રહેવા અંગે હાઇકોર્ટના એડવોકેટશ્રી ડી.જી.ચૌહાણને અત્રેની કચેરીએથી વહીવટી જાવક નં-૨૭૧૨/તા.૧૫-૦૧-૨૦૨૧ થી જરૂરી નિમણૂક આપવામાં આવેલ. અને સાદરહુ એડવોકેટશ્રી દ્વારા જરૂરી કાર્યવાહી કરી જે તે સમયે હાઇકોર્ટમાં નગરપાલિકા તરફે હાજર રહેલ , અને સદરહુ કેસમાં તા.૨૨-૦૭-૨૦૨૧ ના રોજ ડીસ્પોસ કરી નગરપાલિકા તરફે ઓર્ડર આપવામાં આવેલ , જેથી એડવોકેટશ્રી દ્વારા સદરહુ કેસમાં કરવામાં આવેલ તમામ કામગીરી અન્વયેનું બીલ રૂા.૧ ,૭૩,૦૦૦/- પુરાનું અત્રેની કચેરીએ સાદર કરેલ છે. જે આવેલ બીલનું ચૂકવણું કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

કામ નં-૩૩

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ કોરોના વાયરસ થી અવસાન થયેલ કર્મચારીઓના આશ્રિત કુટુંબને સરકારશ્રીના પરીપત્ર મુજબ રૂા.૨૫.૦૦ લાખની સહાય આપવા બાબતે સરકારશ્રીમાં નિયમોનુસાર દરખાસ્ત કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ
ટે.આ. રૂષિકાકુમારી પી.આહિર

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૩૨/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકામાં ભાડા વસુલાત શાખામાં તા.૧૭-૦૫-૧૯૯૫ થી ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારી મુકેશભાઈ મણિલાલ રાણા કોરોના વાયરસને કારણે તા.૨૮-૦૬-૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. સદર કર્મચારી ભાડા વસુલાત શાખામાં ક્લાર્ક ઉપરાંત ફરજના ભાગરૂપે કોવીડ-૧૯ (કોરોના વાયરસ) ના લીધે લોકડાઉન સમયે સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ વ્યાજબી ભાવોની દુકાનેથી રેશનકાર્ડ ધારકોને અનાજ વિતરણ વ્યવસ્થા તથા કોવીડ-૧૯ નોન કોવીડ હોસ્પિટલોમાં ફાયરના બનાવો ન બને તેમજ સરકારશ્રીની ગાઈડ લાઇન મુજબની કામગીરી કરાવવા ઇન્સ્પેકશન અહેવાલ ટીમ સાથે કામગીરી પણ કરતાં હતા. આમ તેઓશ્રી કોવીડની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ હતા.

સંદર્ભ તળેના સામાન્ય વહીવટી વિભાગ , ગુજરાત સરકારશ્રીના ઠરાવ મુજબ રાજય સરકારની સેવાના કોઈપણ કર્મચારી/પંચાયત સેવા તેમજ મહાનગરપાલિકા/ નગરપાલિકાના કર્મચારી/અધિકારી જે કોરાના વાયરસ (કોવીડ-૧૯) ની કામગીરી સાથે સંકળાયેલા હોય અને ફરજના ભાગરૂપે કોરોના અસરગ્રસ્ત થવાથી કોવીડ-૧૯ ના કારણે અવસાન પામે તો તેવા કર્મચારીના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂા.૨૫.૦૦ (પચ્ચીસ) લાખની સહાય આપવાનું ઠરાવેલ છે. મજકુર કર્મચારી સ્વ.શ્રી મુકેશભાઈ મણિલાલ રાણાની કામગીરી કોરોના યોધ્ધાની હોય, સરકારશ્રીની સદર સહાયનો લાભ મળવાપાત્ર હોય , કોરોના વાયરસ થી અવસાન થયેલ કર્મચારીના આશ્રિત કુટુંબને સરકારશ્રીના પરીપત્ર મુજબ ૨૫.૦૦ (પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય આપવા બાબતેના આવેલ કામે આ અંગેની જરૂરી દરખાસ્ત નિયત નમુનામાં તૈયાર કરી નામદાર સરકારશ્રીમાં સાદર કરવા અંગે આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

કામ નં-૩૪

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ હાઉસ ટેક્ષ ડીપાર્ટમેન્ટમાં સને : ૨૦૦૮-૦૯ થી ગુજરાત સરકારશ્રીના હુકમ મુજબ એરીયા બેઇઝ પ્રોપટીટેક્ષનું મોડ્યુલર ચાલે છે. જ.બો.ઠ.નં-૧૩૮/તા.૨૧-૦૭-૨૦૦૮ મુજબ, સને : ૨૦૧૬-૧૭ ના વર્ષથી દર ૦૨(બે) વર્ષ ૧૦% બેઝીક રેઇટ વધારવા તેમજ બેઝીક રેઇટ વધાર્યા બાદ દરેક મિલકતમાં તેનો અમલ કરી પાછલી બાકી વસુલાત કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. હિતેશકુમાર આઈ.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૩૪/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ , હાઉસટેક્ષ ડીપાર્ટમેન્ટમાં સને : ૨૦૦૮-૨૦૦૯ થી ગુજરાત સરકારશ્રીના હુકમ મુજબ એરીયા બેઇઝ પ્રોપટી ટેક્ષનું મોડ્યુલર ચાલે છે. જનરલ બોર્ડ ઠરાવ નં-૧૩૮/તા.૨૧-૦૭-૨૦૦૮ મુજબ વલસાડ નગરપાલિકાએ રહેણાંક મિલકતમાં મિનિમમ રૂા.૮.૦૦ તથા મેક્ષીમમ રૂા.૧૦.૦૦ નક્કી કરેલ હતા તેમજ બિનરહેણાંક મિલકતમાં મિનિમમ રૂા.૧૨.૦૦ તેમજ મેક્ષીમમ રૂા.૧૫.૦૦ નક્કી કરેલ હતા. તેમાં સરકારશ્રીની જોગવાઈ મુજબ દર વર્ષે ૧૦% વધારો કરવાનો ઠરાવ પણ કરવામાં આવીલ હતો. જેની લીમીટ ૨૦૧૬-૧૭ ના વર્ષમાં પુરી થઈ ગયેલ હતી. ત્યારબાદ સરકારશ્રીમાં પત્ર લખી ટેક્ષ ગણવાના દરો વધારવા માટે મંજૂરી માંગવામાં આવેલ હતી. જેનો જવાબ સરકારશ્રી માથી આવેલ ન હતો. જેથી બેઝીક ટેક્ષમાં ૨૦૧૬-૧૭ થી વધારો કરવામાં આવેક ન હતો. ત્યારબાદ સને : ૨૦૧૯-૨૦ નું ઓડીટ-૨૦૨૧ માં કરતાં સમયે ઓડીટરશ્રીને ઉપરોક્ત બાબત ધ્યાને આવતા તેઓએ ૨૦૧૬-૧૭ ના વર્ષની બેઝીક રેઇટ વધાર્યા બાદ દરેક મિલકતમાં તેનો અમલ કરી પાછલી બાકી વસુલાત કરવા બાબતેના આવેલ કામે જરૂરી આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

કામ નં-૩૫

વિષય : તા.૧૮-૧૦-૨૦૨૧ ની મળેલ કારોબારીમાં ઠરાવ્યા મુજબ બંદર રોડ મુખ્ય રસ્તા ,
સુપર કોમ્પ્લેક્ષ-એવર સાઇન એપાર્ટમેન્ટથી ઔરંગા નદી જેટી સુધી રોડની બંને
સાઇટ બાકી રહેલ જગ્યામાં ૨.૫ મીટરના માપમાં પેવરબ્લોક બેસાડવાનું કામ
સરકારશ્રીની આવનારી વિવિધ ગ્રાન્ટમાં સમાવેશ કરી કામગીરી કરવા અંગે જરૂરી
નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ભરતભાઈ સી.પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૩૫/તા.૧૮-૧૦-૨૦૨૧ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ બંદર રોડ મુખ્ય રસ્તા, સુપર કોમ્પ્લેક્ષ - એવર સાઇન એપાર્ટમેન્ટથી ઔરંગા નદી જેટી સુધી રોડની બંને સાઇટ બાકી રહેલ જગ્યામાં ૨.૫ મીટરના માપમાં પેવરબ્લોક બેસાડવાનું કામ નામદાર સરકારશ્રીની આવનારી વિવિધ ગ્રાન્ટમાં સમાવેશ કરી કામગીરી કરવા અંગે આગળ કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

જ.બો.ઠ.નં. – ૧૧૮/તા.૨૯-૧૦-૨૦૨૧.

---

કામ નં-૩૬

વિષય : નલ-સે જલ યોજના હેઠળ ડિસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન નાંખવા માટે બાકી રહેલ વિસ્તારને સમાવવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે.આ. ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં-૨૩૫/તા.૧૮-૧૦-૨૦૨૧ ની ભલામણ મુજબ ,ના.સરકારશ્રીની ગુજરાત શહેરી વિકાસ મિશન ગાંધીનગરના ક્રમાંક નં.જીયુડિએમ /ટેક/ નલ સે જલ/૧૩૪૨ /તા.૧૭/૦૭/૨૦૨૧ અનુસાર દરેક ઘરમાં નળ મારફત દૈનિક ધોરણે પીવાનું પાણી મળી રહે તે માટે નલ સે જલ યોજના હેઠળ પાણી પુરવઠા યોજનાઓના ડી.પી.આર. પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓની કચેરી સાઉથ ઝોનને રજૂ કરવાનું થાય છે. જે અંતગર્ત નગરપાલિકાના જે-તે વિસ્તારમાં કે જ્યાં પાણી પુરવઠો પહોંચાડવા માટે સમાવીષ્ટ ઘટકો જેવા કે ડિસ્તીબ્યુશન પાઇપ લાઇન, સંપ તેમજ વિતરણ વ્યવસ્થા માટે હાઉસ કનેકશનો Arithmetic Increase અથવા Incremental Increase પધ્ધતિથી વસ્તી ગણતરી કરી ડી.પી.આર. બનાવવાનો થાય છે. ડી.પી.આર. બનાવવા માટે ક્રિષ્ના કન્સલ્ટન્ટ આણંદ ને કન્સલ્ટન્ટ તરીકે નિમણૂક આપી નલ સે જલ યોજના અંતગર્ત જે-તે વિસ્તારનો સર્વે કરી ડી.પી.આર. બનાવી પ્રાદેશિક કમિશ્નરશ્રીને મંજૂરી માટે દરખાસ્ત સાદર રજૂ કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર....**

કામ નં-૩૭

વિષય : ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ -૫૧(૩) હેઠળ સભ્યશ્રીઓની આવેલ અરજી વંચાણે લેવા બાબત.

દ.મુ. નિતેશ એમ. વશી

ટે.આ. મહેબુબ ગુલશેરખાન પઠાણ (ઝાકીર પઠાણ)

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે, કઈ જોગવાઇ હેઠળ આક્ષેપિત કર્મચારી સંદર્ભે નાણાકીય જવાબદારી અને રિકવરીનો પ્રશ્ન ઉપસ્થિત થાય. તે બાબતે રજૂઆત કરી.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ગાંધીનગર **દ્વારા** રીવીઝન અપીલ નં.-૩/૨૦૧૬ ના અંશતઃ સ્વીકાર કરવામાં આવેલ છે. અને કલેક્ટરશ્રી અને નગરપાલિકાને રિમાન્ડ કરેલ છે. સેવાશિસ્ત બી.સી.એસ.આર. ની જોગવાઈઓ મુજબ આ કામે સબંધિત કર્મચારીનો ખુલાશો મેળવી કારોબારી કમિટીમાં કાયદાકીય જોગવાઈ મુજબ મેરીટને ધ્યાને લઈ કોઈ પૂર્વ ગ્રહ રાખ્યા સિવાય ન્યાયના હિતમાં સામાન્ય સભામાં બહાલી મેળવી કાયદેસરની કાર્યવાહી કરવાની થાય છે.

સભ્યશ્રી મહેબૂબ ગુલશેરખાન પઠાણ , નિતેશભાઈ વશી , ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ, વિગેરે પોતાનો વાંધો નોંધાવ્યો.

**ઠરાવ :-**

ઉપરોકત કામે ચર્ચા વિચાણના અંતે લીગલ અભિપ્રાય મેળવી આગામી કાર્યવાહી હાથ ધરવાનું તેમજ બાકીની આવેલ અરજીઓનો શાખાવાર સબંધિત અધિકારીઓ દ્વારા સભ્યશ્રીઓને માહિતી પાઠવવાનું ઠરાવવામાં આવે છે.

સભ્યશ્રી મહેબૂબ ગુલશેરખાન પઠાણ ગયા.

**સ. મ.મંજુર...**

**અધ્યક્ષ સ્થાનેથી રજૂ થતાં અન્ય વધારેના કામો......**

જ.બો.ઠ.નં. – ૧૨૦/તા.૨૯-૧૦-૨૦૨૧.

---

વ.કા.નં-૦૧

વિષય : નામદાર સરકારશ્રીની ભૂગર્ભ ગટર યોજના હેઠળ ડી.પી.આર બનાવવા કન્સલટન્ટની નિમણૂક કરી સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત સાદર કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજૂ.....

**ઠરાવ :-**

વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ ઈજનેરશ્રીનો રિપોર્ટ વંચાણે લેતા , નામદાર ગુજરાત સરકારશ્રીના (૧)ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના પત્રક્રમાંક નં-મફબ/SJMMSVY/ખા.સો.જ.ભા.યો./ ગટર જોડાણ/૨૦૨૧/૧૪૫૮૪ , તા. ૨૯-૦૯-૨૦૨૧ , (૨) નાયબ કમિશ્નર (વહીવટ ), મ્યુનીસિપાલિટી એડમીનીસ્ટ્રેશન , ગાંધીનગરના પત્રક્રમાંક નં.કમિ. મ્યુનિ/વિકાસ/વશી/ ૫૦૫/ફા.નં.-૧૬/૨૦૨૧. તા.૨૬/૧૦/૨૦૨૧,(૩)નાયબ કમિશ્નર (વહીવટ), મ્યુનીસિપાલિટી એડમીનીસ્ટ્રેશન , ગાંધીનગરના પત્રક્રમાંક નં.કમિ. મ્યુનિ/વિકાસ/વશી/ ૫૦૪/ફા.નં.-૧૬/૨૦૨૧. તા.૨૪/૧૦/૨૦૨૧,(૪) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના પત્રક્રમાંક નં-મફબ/ SJMMSVY/ખા.સો.જ.ભા.યો./ગટર જોડાણ/૨૦૨૧/૧૬૫૯૦, તા.૨૭-૦૯-૨૦૨૧ના આદેશ મુજબ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ભાગરૂપે રાજ્યમાં નગરપાલિકા વિસ્તાર ખાનગી સોસાયટીમાં જનભાગીદારી યોજના હેઠળ ઘરોની ગટર લાઇનને મુખ્ય ગટર સાથે જોડાણ અંગેના નામદાર સરકારશ્રીના ઠરાવ મુજબ જનભાગીદારી યોજના હેઠળ દર્શાવેલા કામો માટે ખાનગી સોસાયટીઓ , ઘરોને ભૂગર્ભ ગટરો સુવિધા આપવા અંગેની યોજના અંગેના ડી.પી.આર. પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓની કચેરી (સાઉથ ઝોન) સુરતને રજુ કરવાનું થાય છે. જે અંતગર્ત ઘરોની ગટર લાઇનને મુખ્ય ગટર લાઇન સાથે જોડાયેલ ન હોય તેવી સોસાયટીના ઘરો ઉપરાંત તે સિવાયના ઘરોને પણ પ્રતિ કુટુંબ રૂ|. ૭,૦૦૦/- ની મર્યાદામાં રાજ્ય સહાય અન્વયે કમિશ્નરશ્રી નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગર તરફથી નિયત કરવામાં આવેલ છે. તો સદરહુ કામે જરૂરી કન્સલ્ટન્ટશ્રી ક્રિષ્ણા કન્સલ્ટન્ટ, આણંદની નિમણૂક કરી જરૂરી સર્વે વર્ક કરાવી ડી.પી.આર. બનાવી સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ પ્રાદેશિક કમિશ્નરશ્રી , સાઉથ ઝોન , સુરતને જરૂરી મંજૂરી મેળવવા આગળની કાર્યવાહી કરવા દરખાસ્ત કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

જ.બો.ઠ.નં. – ૧૨૧/તા.૨૯-૧૦-૨૦૨૧.

વ.કા.નં-૦૨

વિષય : અબ્રામા ધારાનગર વિસ્તારમાં આવેલ કોમન પ્લોટની જગ્યા જાહેર હેતુના ઉપયોગ માટે લેવા સબંધે આવેલ અરજી બાબતે વિચારણા કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજૂ....

**ઠરાવ :-**

ઈજનેરશ્રી ડ્રેનેજ શાખાના રિપોર્ટમાં જણાવ્યા મુજબ નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ (૨૦૧૬-૧૭) ડ્રેનેજ સેક્ટર હેઠળ અબ્રામા ધારાનગર વિસ્તાર તેમજ આબુબાજુના વિસ્તારના રહીશોને ડ્રેનેજ સુવિધા મળી રહે તે માટે ધારાનગરમાં આવેલ રે.સ.નં. ૧૫૭ અને ૧૫૮ વાળા કોમન પ્લોટમાં (૩૬.૯૮×૩૯.૫૦=૧૫૩૫ ચો.મી.) જગ્યા પૈકીની જગ્યામાં અદ્યતન ટેક્નોલોજી વાળું ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાના કામનું આયોજન કરવામાં આવેલ સદરહુ જગ્યાએ ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવા માટે ધારાનગર સોસાયટીના રહીશોની મંજુરી આપવામાં આવેલ છે. તેમજ ભવિષ્યમાં સદરહુ કામે કોઈ હક્ક દાવો કે વાંધા વિરોધ થશે નહિ એવો પત્ર તા. ૦૨/૦૭/૨૦૧૮ થી આપવામાં આવેલ છે. સદરહુ પત્રમાં જણાવ્યા મુજબ ડ્રેનેજ પંપીંગ સ્ટેશન જગ્યા પૈકી બાકી ખુલ્લી જગ્યામાં પેવરબ્લોક તેમજ બોર બનાવવા અંગેના આવેલ એસ્ટીઈમેટ રૂ|. ૧૫,૭૯,૪૦૦/- પૂરા ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ગાંધીનગર ના દફતરી હુકમ નં. મફબ /યુ-૨/ ૧૪મુ નાણાંપંચ /પ્રથમ હપ્તો/ ૨૦૧૯-૨૦/ ૮૮૬૨ તા.૧૬/૦૭/૨૦૧૯ થી ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

સભાનું કામકાજ પુર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌનો આભાર વ્યક્ત કરી જણાવ્યુ કે , હવે સભાનું કામકાજ પુર્ણ થાય છે . આપણે સૌ " જન ગણ મન" .... રાસ્ટ્રગીત થી સભાનું કામકાજ પુર્ણ કરીએ.

"જન ગણ મન.... રાષ્ટ્રગીત થી સભા પુર્ણ થઈ"

નગરપાલિકા કચેરી,
વલસાડ
તા. ૨૫ -૧૧-૨૦૨૧

( પટેલ કિન્નરીબેન અમીષભાઈ)
પ્રમુખ
વલસાડ નગરપાલિકા